RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 13-05-2026 I VOL : 12 I Issue : 57 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!

3  NEET 2026 પરીક્ષા રદ : શિક્ષણ જગતનો સૌથી મોટો કાળો અધ્યાય

4  2024માં મળેલી સફળતાને આગળ વધારવા INDIએ જુથ નિષ્ફળ રહ્યું

6  અલ્લુ અર્જુનની 'પ્રોપર્ટી' કહેતા એક્ટ્રેસ ભડકી

7  બેંગલુરુના ટિમ ડેવિડ પર મેચ ફીના 30 ટકાનો દંડ

## એક નજર...

### એક્ટ્રેસ આમના શરીફનું સ્ટાઈલિશ ફોટોશૂટ



ફેમસ ટીવી એક્ટ્રેસ આમના શરીફ દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. અભિનેત્રી તેના કોઈપણ પ્રોજેક્ટને કારણે ચર્ચામાં હોય કે ન હોય પરંતુ તેના બોલ્ડ અને સ્ટાઈલિશ લૂકને કારણે સતત ચર્ચામાં રહે છે. અભિનેત્રી આમના શરીફે સ્ટાઈલિશ લૂકમાં ફોટોશૂટ કરાવ્યું છે. અભિનેત્રી આમના નવા ફોટોશૂટમાં ખૂબ જ સુંદર લાગી રહી છે.

## NEWS TRACK

### ઇરાન પહેલી જ વખત સંવર્ધિત યુરેનિયમ ત્રીજા દેશમાં ટ્રાન્સફર કરવા તૈયાર

ઈરાન-અમેરિકા વચ્ચે ચાલતા યુદ્ધમાં ઈરાન પહેલી જ વખત તેનું સંવર્ધતિ યુરેનિયન ત્રીજા દેશમાં ટ્રાન્સફર કરવા તૈયાર થયું છે. ઈરાનના અગાઉના યુરેનિયમ તેના દેશની બહાર નહી જવાના દેવાના વલણમાં મોટો ફેરફાર દર્શાવે છે. ઈરાનનું આ વલણ રશિયન પ્રમુખ પુતિને ત્રીજા દેશ એટલે કે રશિયામાં તેનું સંવર્ધિત યુરેનિયમ લઈ જવા દેવામાં અઆવે તે ઓફર કરી હતી તેની સાથે મેળ ખાય છે. ઈરાન-અમેરિકા વચ્ચે સર્જાયેલી મડાગાંઠને લઈને બંને દેશે એકબીજા પર આરોપ મૂક્યા છે. ઈરાને આ દરખાસ્તમાં તાત્કાલિક યુદ્ધ ખતમ કરવાની વાત કરી છે, તેમા હીઝબુલ્લાહ અને ઈરાન સાથેના યુદ્ધનો પણ સમાવેશ થાય છે. ઈરાને પાકિસ્તાન દ્વારા મોકલેલી દરખાસ્તને ટ્રમ્પે નકારી કાઢી છે. તેની સામે અમેરિકાએ મોકલેલી દરખાસ્તને ઈરાને અવાસ્તવિક ગણાવીને નકારી કાઢી છે. આમ બંને દેશ વચ્ચે યુદ્ધ ખતમ કરવાને લઈને મડાગાંઠ હજી પણ યથાવત્ છે અને વાટાઘાટો જારી છે. ઈરાને જણાવ્યું હતું કે અમે કંઈ રાહત માંગતા નથી. અમારો અધિકાર માંગીએ છીએ. અમેરિકા હજી પણ એકપક્ષીય વાત જ રજૂ કરે છે અને અતાર્કિક માંગો મૂકે છે.

### યુકેમાં રાજકીય ભૂકંપ! 72 સાંસદોનો સ્ટાર્મર વિરુદ્ધ બળવો

બ્રિટનના વડાપ્રધાન કિર સ્ટાર્મર માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. તાજેતરની સ્થાનિક ચૂંટણીઓમાં લેબર પાર્ટીના કારમા પરાજય બાદ હવે પીએમ સ્ટાર્મર સામે રાજીનામું આપવા અથવા પદ છોડવાની સમયમર્યાદા નક્કી કરવાનું દબાણ આકાશે આંબી રહ્યું છે. મંગળવારની વહેલી સવાર સુધીમાં બગાવત કરનારા લેબર સાંસદોની સંખ્યા વધીને 72 પર પહોંચી ગઈ છે. લેબર પાર્ટીના કુલ 403 સાંસદોમાંથી અત્યાર સુધીમાં 71 સાંસદોએ ખુલ્લેઆમ સ્ટાર્મરના રાજીનામાની માંગ કરી છે. આ સાંસદોનું કહેવું છે કે, કાં તો પીએમ તુરંત પદ છોડે અથવા તો સ્પષ્ટ કરે કે તેઓ ક્યારે રાજીનામું આપશે. બ્રિટિશ સરકારની કેબિનેટમાં અત્યારે બે ફાંટા પડી ગયા છે. સૌથી મોટો ઝટકો ત્યારે લાગ્યો જ્યારે ગૃહમંત્રી શબાના મહમૂદે ખુલ્લેઆમ વડાપ્રધાનને રાજીનામાની તારીખ જાહેર કરવા જણાવ્યું. જોકે, કેબિનેટના મોટાભાગના મંત્રીઓ હજુ પણ પીએમની પડખે છે, પરંતુ શબાના મહમૂદ જેવું કદાવર નામ વિરોધમાં આવતા સરકારની સ્થિરતા સામે સવાલો ઉભા થયા છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ હાજર રહ્યા

# હિમંત બિસ્વા સરમા સતત બીજી આસામના CM બન્યા

### ભાજપના 2 અને સાથી પક્ષોના 2 મંત્રી બન્યા, બધાએ આસામીમાં શપથ લીધા




ગુવાહાટી

હિમંત બિસ્વા સરમા સતત બીજી વખત આસામના મુખ્યમંત્રી બન્યા છે. ગુવાહાટીના ખાનાપારા વેટરનરી કોલેજ ગ્રાઉન્ડ ખાતે શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ લક્ષ્મણ આચાર્યએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હિમંતા ઉપરાંત, ચાર ધારાસભ્યો - ભાજપના રામેશ્વર તેલી અને અજંતા નીઓમ, એજીપીના અતુલ બોરા અને BPFના ચરણ બોરોએ મંત્રી પદના શપથ લીધા. તેમાંથી બે ભાજપના અને બે સાથી પક્ષોના છે. શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ-એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા. હિમંતાનો આખો પરિવાર પણ સમારોહમાં હાજર રહ્યો હતો. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, ભાજપ-એનડીએ સરકાર સતત ત્રીજી વખત બનવા જઈ રહી છે. આ અમારા માટે એક મોટો દિવસ છે. આસામ અને એનડીએના લોકો માટે આ એક ઐતિહાસિક દિવસ છે. આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા માટે રાજ્યભરના લોકો અહીં આવ્યા છે.

### યુપીના ડેપ્યુટી સીએમએ કહ્યું-સરમાના નેતૃત્વમાં NDA સરકાર બની

હિમંતા બિસ્વા સરમાના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ગુવાહાટી પહોંચેલા યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું, આસામ અને યુપીના લોકો ખૂબ જ ખુશ છે કે ડૉ. હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં આસામમાં NDA સરકાર બની છે. ભાજપ રાજ્યના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે. આસામ ભાજપ પ્રમુખ દિલીપ સૈકિયાએ કહ્યું, આ ત્રીજી વખત હશે જ્યારે NDA સરકાર વડાપ્રધાન મોદીની હાજરીમાં શપથ લેશે. આસામના વિવિધ ભાગોમાંથી લાખો લોકો શપથ ગ્રહણ સમારોહ માટે અહીં આવ્યા છે.

# શેરબજારમાં રોકાણકારોના 11 લાખ કરોડ સ્વાહા: સેન્સેક્સમાં 1456 પોઈન્ટનો કડાકો

### ચાર દિવસમાં 3,500 પોઈન્ટ તૂટ્યો; નિફ્ટીમાં 436 અંકનો ઘટાડો

મુંબઈ



ઈરાન-અમેરિકા યુદ્ધ ફરી શરૂ થવાના સંકેતો અને PM મોદીની અપીલના બીજા દિવસે પણ શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 1,456 અંક તૂટ્યો અને નિફ્ટીમાં 436 અંકનો ઘટાડો જોવા મળ્યો. મિડકેપ અને સ્મોલકેપમાં પણ ભારે ઘટાડો રહ્યો. રૂપિયો પણ રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો. ક્રૂડ ઓઈલની કિંમતોમાં પણ મોટો ઉછાળો રહ્યો. સૌથી વધારે ઘટાડો IT સેક્ટરમાં રહ્યો, જે 3.50 ટકાથી વધુ ઘટીને બંધ થયો. NSE પર મેટલ, ઓઈલ અને ગેસ, પબ્લિક સેક્ટરની બેંકો સિવાયના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો. નિફ્ટી સ્મોલકેપ 100 અને નિફ્ટી મિડકેપ 100 ઈન્ડેક્સમાં 1.26 ટકા અને 0.81 ટકાનો ઘટાડો આવ્યો. નિફ્ટી બેંકમાં 884 અંકનો ઘટાડો રહ્યો. રોકાણકારોને 11 લાખ કરોડનું નુકસાન BSEના ટોપ 30માંથી માત્ર 3 શેરોમાં તેજી રહી. બાકીના 27 શેર ઘટીને બંધ થયા. સૌથી વધુ અદાણી પોર્ટ, TCS, ટેક મહિન્દ્રા અને HCL જેવા શેરોમાં ઘટાડો આવ્યો.

## રિટેલ મોંઘવારી એપ્રિલમાં વધીને 3.48% પર પહોંચી

### ખાધપદાર્થો મોંઘા થવાની અસર; અમેરિકા-ઈરાન તણાવથી મોંઘવારી હજી વધી શકે છે

નવી દિલ્હી

એપ્રિલની રિટેલ મોંઘવારી વધીને 3.48% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે 3.40% હતી. આજે 12 મેના રોજ આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. મોંઘવારીમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. જો આ તણાવ લાંબો ચાલશે તો મોંઘવારી આગળ હજી વધી શકે છે. મોંઘવારી વધવાનું કારણ- ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં વધારો. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં વધારો છે. ફૂડ ઈન્ફ્લેશન એપ્રિલમાં વધીને 4.20% પર પહોંચી ગયું. માર્ચમાં આ આંકડો 3.87% હતો. શહેરી મોંઘવારી દર 3.11% થી વધીને 3.16% પર પહોંચી ગયો છે. ગ્રામીણ મોંઘવારી દર 3.63% થી વધીને 3.74% પર પહોંચી ગયો છે. આ મોંઘવારીના નવા ફોર્મ્યુલા (2024 બેઝ યર) હેઠળ જાહેર કરાયેલો ત્રીજો આંકડો છે. સરકારે મોંઘવારી માપવાની બાસ્કેટમાં પણ ફેરફાર કર્યો છે. ખાવા-પીવાની વસ્તુઓનું વજન (વેટેજ) 45.9% થી ઘટાડીને 36.75% કરી દેવામાં આવ્યું છે, જ્યારે હાઉસિંગ અને વીજળી-ગેસનું વેટેજ વધારી દેવામાં આવ્યું છે.

મોંઘવારીનું વધવું-ઘટવું પ્રોડક્ટની માંગ-પુરવઠા પર આધાર રાખે છે. જો લોકો પાસે પૈસા વધુ હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. આનાથી વસ્તુઓની માંગ વધશે અને પુરવઠો ન હોવાને કારણે તેની કિંમત વધશે. જ્યારે જો માંગ ઓછી હશે અને પુરવઠો વધુ હશે તો મોંઘવારી ઘટશે.

### સફેદપોશ શૈતાનોની 'રક્તરંજીત' સાજિશ: જૈન મુનિને હનીટ્રેપમાં હોમવાનું ભયાનક પાપ; શું આ નરાધમો જેલના સળિયા ગણશે?

# ગુજરાતનો સૌથી મોટો ખુલાસો: કરોડોની ખંડણી માટે ધર્મને વેચનારા 'બ્લેકમેલિંગ ગેંગ'ના માસ્ટરમાઈન્ડનો પર્દાફાશ......!

અમદાવાદ | ઇન્વેસ્ટિગેટિવ ડેસ્ક

ગુજરાતની પવિત્ર ધરતી પર જ્યારે સંતો અને સંયમ પર પ્રહાર થાય, ત્યારે સમજવું કે કળિયુગ તેની ચરમસીમાએ છે. જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજ વિરુદ્ધ જે 'હનીટ્રેપ'નું માયાવિ જાળ બિછાવવામાં આવ્યું હતું, તે માત્ર કોઈ એક વ્યક્તિનું કૃત્ય નથી, પરંતુ આખેઆખું 'ક્રિમિનલ સિન્ડિકેટ' છે, જેનો એકમાત્ર મકસદ છે– સંતોને ડરાવો, ધર્મને બદનામ કરો અને કરોડો રૂપિયા ખંખેરો!

### ષડયંત્રના 'ઝેરીલા' દસ્તાવેજો: એફિડેવિટ છે કે પાપનો પોટલો?

'પાક્કો ગુજરાત' પાસે રહેલા પુરાવાઓ ચીસો પાડીને કહી રહ્યા છે કે કિરણ દોશી અને તેની ગેંગે જે સ્ક્રિપ્ટ લખી હતી, તેની શાહીમાં 'લાલચ અને લોભ' ભરેલા હતા. સામે આવેલા હલફનામામાં સત્યની ઉપર અસત્યના પડ ખોલતા સાબિત થાય છે કે:

* આ કોઈ શોષણનો કેસ નથી, પણ કરોડો રૂપિયાના સેટલમેન્ટ માટે રચાયેલું પૂર્વયોજિત કાવતરું છે.

* FIR દ્વારા મુનિશ્રીના ચારિત્ય પર કાદવ ઉછાળીને તેમને આત્મસમર્પણ કરવા મજબૂર કરવાનો ખેલ ખેલાયો હતો.

### સફેદપોશ ગુંડાઓની ફૌજ: હાર્દિક, જગત અને વિક્રમ... હવે તમારો વારો!

હાર્દિક હુડિયા, જગત પારેખ, વિક્રમ સિંઘવી અને વિક્રમ બાફના– આ એવા નામ છે જેમના પર હવે કાયદાનો ગાળિયો કસાવા જઈ રહ્યો છે. શું આ લોકો પોતાને કાયદાથી ઉપર સમજે છે? જૈન શાસનની રક્ષા કરવાના બણગા ફૂંકનારા આ 'બગલાભગત' શું પડદા પાછળ રહીને ખંડણી ઉઘરાવતા હતા? આ લોકોએ જે ખાડો મુનિશ્રી માટે ખોદ્યો હતો, હવે તેમાં તેઓ પોતે જ પડવાના છે.




### તપાસની આંચથી ફફડાટ: ધર્મના નામે ધંધો કરનારાઓ સાવધાન!

જેમ જેમ આ કેસના મૂળિયાં સુધી તપાસ પહોંચી રહી છે, તેમ તેમ આ ગેંગના સભ્યો ઉંદરની જેમ બિલોમાં છુપાઈ રહ્યા છે. મીડિયાને દબાવવાના અને સાક્ષીઓને તોડવાના તમામ પેંતરા નિષ્ફળ જશે.

'જેના હાથ સંતોના અપમાનથી ખરડાયેલા છે, જેણે કરોડોની ઉઘરાણી માટે જૈન ધર્મના નામને કલંકિત કર્યું છે, તેવા એકપણ શૈતાનને 'પાક્કો ગુજરાત' છોડશે નહીં. આ લડાઈ હવે વ્યક્તિગત નથી, આ લડાઈ 'ધર્મ વિરુદ્ધ અધર્મ'ની છે.'

### સમાજનો પ્રચંડ પડઘો: 'ગદ્દારોને જડબાતોડ જવાબ'

સમગ્ર ગુજરાતનો જૈન સમાજ હવે રસ્તા પર ઉતરવા તૈયાર છે. સમાજના શ્રેષ્ઠીઓનું કહેવું છે કે, જે લોકોએ મુનિશ્રીને ફસાવવા માટે 'હનીટ્રેપ' જેવી નીચ કક્ષાની હરકત કરી છે, તેમનો સામાજિક બહિષ્કાર થવો જોઈએ. આ એવા લોકો છે જેમને ધર્મમાં નહીં, પણ માત્ર 'ધન'માં રસ છે.

## 'પાક્કો ગુજરાત'ના સણસણતા સવાલો

1. વસૂલીનું લિસ્ટ: આ ગેંગે અત્યાર સુધી બીજા કેટલા સાધુ-સંતોને બ્લેકમેલ કરીને કરોડો રૂપિયા ઓહિયાં કર્યા છે?

2. પોલીસની ભૂમિકા: શું આટલા મોટા આંતરરાષ્ટ્રીય લેવલના સિન્ડિકેટને પકડવા માટે પોલીસ કડક પગલાં ભરશે કે પછી વગદાર લોકોના દબાણમાં નમશે?

3. અદ્રશ્ય હાથ: આ ષડયંત્રકારીઓની પાછળ કયા મોટા રાજકીય કે સામાજિક માથાઓના આશીર્વાદ છે?

ખેલ તો હવે શરૂ થયો છે...

ષડયંત્રના એક-એક મહોરાને અમે ઉઘાડા પાડીશું. જૈન શાસનની અસ્મિતા સાથે ખીલવાડ કરનારાઓનો અંત નિશ્ચિત છે.

વાંચતા રહો, 'પાક્કો ગુજરાત' - સત્યનો સચોટ અવાજ!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ખેડા પોલીસ કે 'હપ્તા' ક્રાઈમ બ્રાન્ચ? LCBના 'કેવલ' રાજમાં બુટલેગરો અને જુગારીયાઓ બેફામ!

## વહીવટદારોના 'ભરણ'ના જોરે નડિયાદમાં ગુંડારાજ: પોલીસની છત્રછાયામાં યુવાધન બરબાદ, શું હાઈવે પર દારૂ પકડવો એ માત્ર 'દેખાડો' છે?




નડિયાદ

કહેવાય છે કે પોલીસનો ગણવેશ જનતાની સુરક્ષા માટે હોય છે, પણ ખેડા જિલ્લામાં આ ગણવેશ હવે 'વહીવટદારો' અને 'બુટલેગરો' ના રક્ષણ માટે વપરાતો હોય તેવું લાગી રહ્યું છે. ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ના વિવાદાસ્પદ PI કેવલ વેકરિયા અને તેમના ખાસ ગણાતા વહીવટદારો મુકેશ બારોટ તથા જયેશ રબારી ની ત્રિપુટીએ આખા જિલ્લાને જાણે ગેરકાયદે પ્રવૃત્તિઓનું 'મેદાન' બનાવી દીધું છે. પોલીસની નિષ્ક્રિયતા જુઓ કે વડોદરાથી જેને લાત મારીને કાઢી મૂકવામાં આવ્યો છે, તે અરુણ ઉર્ફે 'મેલિયો' નડિયાદના કનિપુરા કબ્રસ્તાન ચોકડી પાસે ખુલ્લેઆમ જુગારધામ ચલાવી રહ્યો છે. શું LCB ને આ દેખાતું નથી? કે પછી મુકેશ અને જયેશના વહીવટમાં આ 'મેલિયા' ના હપ્તાની રકમ પણ પહોંચી જાય છે? ટુંડેલ-દાવડા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ: વસો પોલીસની હદમાં પ્રવીણ અને વસીમ નામના શખ્સોએ જુગારના એવા અડ્ડા જમાવ્યા છે કે જ્યાં લાખોના ખેલ ખેલાય છે. * પીજ ચોકડીનો આતંક: લિસ્ટેડ બુટલેગર રણજીત જાહેરમાં દારૂની મહેફિલો જમાવે છે. તાજેતરમાં જ એક કાઉન્સિલરના પુત્ર સાથેની બોલાચાલીની ઘટનાએ સાબિત કર્યું છે કે બુટલેગરોને હવે કોઈનો ડર રહ્યો નથી. * વસો PI અને LCB નું મૌન: પીજ ચોકડી પાસે દારૂ વેચાય છે એ આખા ગામને ખબર છે, પણ પોલીસને નથી ખબર! આ મૌન પાછળ કેટલા 'ખોખા' નો વહીવટ છે, તે હવે જનતામાં ચર્ચાનો વિષય બન્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નડિયાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના બે 'દાદા' નેતાઓના આશીર્વાદ PI વેકરિયા અને તેની ટીમને મળી રહ્યા છે. રાજકીય દબાણ અને ઉપરની 'ગેરકાયદે આવક' ના મોહમાં ખાખી આજે ગુનેગારોના પગ દબાવી રહી છે. સવાલ એ છે કે: જ્યારે સામાન્ય માણસની સાયકલ ચોરાય ત્યારે પોલીસ લાકડી પછાડે છે, તો આ રણજીત, મેલિયો અને પ્રવીણ જેવા સફેદ કોલર ગુંડાઓ સામે પોલીસની લાકડી કેમ ફૂલ જેવી નરમ થઈ જાય છે? ગઈકાલે એક્સપ્રેસ હાઈવે પર તરબૂચની આડમાં વિદેશી દારૂ પકડીને LCB એ વાહ-વાહી મેળવવાનો પ્રયાસ કર્યો છે. પણ સાહેબ, હાઈવે પર દારૂ પકડવો એ તો 'રૂટિન' છે, જિલ્લાની અંદર જે અડ્ડાઓ પર તમારું 'ભરણ' ચાલે છે, ત્યાં ક્યારે સપાટો બોલાવશો? શું આ માત્ર મોટા માથાઓને બચાવવા માટેનો 'દેખાડો' તો નથી ને?

# થરાદ અને રાહ વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યાને કારણે ખેડૂતોમાં રોષ

થરાદ

થરાદમાં સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવા માંગ: ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી રાજસ્થાન બોર્ડર સુધી લંબાવવા રજૂઆત. થરાદ અને રાહ વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યાને કારણે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આજે મોટી સંખ્યામાં ખેડૂતો અને અગ્રણીઓએ રાહ મામલતદાર કચેરીએ પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે સુજલામ સુફલામ કાચી નહેરમાં તાત્કાલિક પાણી છોડવાની ઉગ્ર માંગ કરી છે. ખેડૂતોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે જ્યાં સુજલામ સુફલામ કાચી નહેર હાલ પૂર્ણ થાય છે, ત્યાંથી તેને આગળ રાજસ્થાન બોર્ડર સુધી લંબાવવામાં આવે. તેમ કરવાથી સરહદી વિસ્તારોની હજારો એકર જમીનને સિંચાઈનો સીધો લાભ મળી શકશે. ખેડૂતોના મતે આકરા ઉનાળાને કારણે ભૂગર્ભ જળસ્તર સતત નીચે જઈ રહ્યા છે. જેના કારણે ઉનાળુ પાક અને પશુઓ માટેનો ઘાસચારો સુકાઈ રહ્યો છે. પાણીના અભાવે પશુપાલકોની સ્થિતિ પણ કફોડી બની રહી છે.

આવેદનપત્રમાં ખેડૂતોએ સરકાર પર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીના સમયે માત્ર દેખાડા પૂરતું પાણી છોડવામાં આવે છે, જ્યારે હાલ ખેડૂતોને ખરેખર પાણીની જરૂર હોવા છતાં તંત્ર ઉદાસીન વલણ અપનાવી રહ્યું છે.

ખેડૂતોની મુખ્ય માંગણીઓમાં સુજલામ સુફલામ કાચી નહેરને સત્વરે રાજસ્થાન બોર્ડર સુધી લંબાવવાની મંજૂરી અને ઉનાળુ પાક બચાવવા તાત્કાલિક નહેરમાં પાણી છોડવાનો સમાવેશ થાય છે.

તેમણે મામલતદાર મારફતે મુખ્યમંત્રી સુધી પોતાની રજૂઆત પહોંચાડવા વિનંતી કરી હતી. સાથે જ ચીમકી ઉચ્ચારી હતી કે જો વહેલી તકે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન શરૂ કરાશે.

# 8 વર્ષથી ફરાર સગીરા અપહરણ કેસનો આરોપી આખરે પોલીસ જાળમાં

દાહોદ

દાહોદ જિલ્લાના લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષો પહેલા નોંધાયેલા સગીરા અપહરણ અને પોક્સો એક્ટના ગંભીર ગુન્હામાં છેલ્લા આઠ વર્ષથી ફરાર ફરતા આરોપીને લીમડી પોલીસે ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે ભોગ બનનાર સગીરાને શોધી સુરક્ષિત રીતે તેના માતા-પિતાને પરત સોંપતા પરિવારજનોમાં રાહત અને ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

રાજ્યમાં સગીરાઓના અપહરણ અને પોક્સો સંબંધિત ગુન્હાઓને ગંભીરતાથી લઈ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા પોલીસ મહાનિરીક્ષક શ્રી વીધી ચૌધરી (IPS), પંચમહાલ ગોધરા રેન્જ ગોધરા તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા (IPS) દ્વારા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.આર. પટેલ, ઝાલોદ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ લીમડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા વિશેષ ટીમો રચી તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ તેમજ અલગ-અલગ વિસ્તારોમાં ગુપ્ત બાતમીદારોની મદદથી સતત તપાસ ચલાવી હતી. લાંબા સમયથી પોલીસને ચકમો આપતો આરોપી આખરે પોલીસ જાળમાં સપડાયો હતો.

પકડાયેલ આરોપી નીતિનભાઈ કનુભાઈ ભુરીયા, ઉંમર ૩૦ વર્ષ, રહે. ચાટકા, તા. ગોવિંદ ગુરુ લીમડી, જી. દાહોદ સામે લીમડી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ પાર્ટ ગુન્હા નંબર ૮૯/૨૦૧૮ હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(N) તેમજ પોક્સો એક્ટ કલમ ૩ અને ૪ મુજબ ગુન્હો નોંધાયેલ હતો.

પોલીસે સગીરાને શોધી સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપતા પોલીસ કામગીરીની સ્થાનિક સ્તરે પ્રશંસા થઈ રહી છે.

કોર્ટે ફટકારી આજીવન કેદ

# વડોદરાનો 'મહેંદી હત્યાકાંડ': પાપી પ્રેમી સચિન દીક્ષિતને અંતિમ શ્વાસ સુધી જેલ

વડોદરા

વડોદરાના ચકચારી અને કાળજું કંપાવી દેનારા મહેંદી ઉર્ફે હીના પેથાણી હત્યા કેસમાં આખરે ન્યાયનો વિજય થયો છે. વડોદરાની સેશન્સ કોર્ટે હીનાની ઘાતકી હત્યા કરનાર તેના પરણિત પ્રેમી સચિન દીક્ષિતને કસૂરવાર ઠેરવીને 'આજીવન કેદ'ની સજા ફટકારી છે. આ એ જ કેસ છે જેણે સમગ્ર ગુજરાતમાં ભારે ચર્ચા જગાવી હતી અને માનવતાને શર્મસાર કરી દીધી હતી.

ઘટનાની વિગતો મુજબ, આરોપી સચિન દીક્ષિતે પોતાની પ્રેમિકા હીના પેથાણીનું ગળું દબાવી નિર્મમ હત્યા કરી હતી.

હત્યા બાદ પુરાવા છુપાવવા માટે તેણે હીનાની લાશને કિચનના કબાટમાં એક બેગમાં ભરીને છુપાવી દીધી હતી.

પોતાની પાપલીલા છુપાવવા માટે તે પોતાના ૧૦ મહિનાના માસૂમ પુત્રને ગાંધીનગરની એક ગૌશાળા પાસે ત્યજીને ફરાર થઈ ગયો હતો.

ગાંધીનગરમાં તરછોડાયેલા બાળકની ઓળખ અને ત્યારબાદ વડોદરાના ફ્લેટમાંથી મળેલી લાશના કારણે આ આખા ષડયંત્રનો પર્દાફાશ થયો હતો. સેશન્સ કોર્ટે માત્ર હત્યારાને સજા જ નથી ફટકારી, પરંતુ આ કેસમાં અનાથ બનેલા માસૂમ બાળકની વેદનાને પણ સમજી છે. કોર્ટે ઐતિહાસિક નિર્ણય લેતા જણાવ્યું છે કે સચિન દીક્ષિતને તેની ક્રૂરતા બદલ આજીવન જેલની સજા.

₹5 કરોડની જમીન રાતોરાત ₹60 કરોડની થઈ!

# બાયપાસ પ્રોજેક્ટની 'ઈનસાઈડર માહિતી' પર એક જ દિવસમાં 50 અધિકારીઓ તૂટી પડ્યા..!

ગાંધીનગર

સરકારી પ્રોજેક્ટ જ્યારે સામાન્ય જનતાના વિકાસ માટે આવતા હોય છે, ત્યારે સિસ્ટમમાં બેઠેલા 'ઘાતક' અધિકારીઓ કેવી રીતે પોતાની તિજોરી ભરે છે તેનો જીવતો જાગતો પુરાવો સામે આવ્યો છે. એક જ દિવસમાં 50 જેટલા સરકારી અધિકારીઓએ ચોક્કસ વિસ્તારમાં જમીનો ખરીદી અને જેવી બાયપાસ પ્રોજેક્ટની જાહેરાત થઈ કે તરત જ 5 કરોડની એ જમીનની કિંમત રોકેટ ગતિએ વધીને 60 કરોડ પર પહોંચી ગઈ છે!

આ કોઈ સંયોગ નથી પણ એક સુનિયોજિત 'ઈનસાઈડર ટ્રેડિંગ' જેવું કૌભાંડ હોવાની આશંકા છે.



બાયપાસ પ્રોજેક્ટ ક્યાંથી પસાર થવાનો છે તેની ફાઈલ જે ટેબલ પરથી પસાર થઈ, તે અધિકારીઓને ખબર હતી કે કયા સર્વે નંબરના ભાવ વધવાના છે.

આશ્ચર્યની વાત એ છે કે 50 અધિકારીઓએ એકસાથે, એક જ દિવસે આ વિસ્તારમાં જમીન ખરીદવાના દસ્તાવેજો કર્યા હતા.

જે ખેડૂતો પાસેથી જમીન ખરીદાઈ, તેમને ખબર પણ નહોતી કે થોડા જ દિવસોમાં અહીંથી મોટો સરકારી પ્રોજેક્ટ પસાર થવાનો છે. સાહેબોએ નજીવી કિંમતે ખેડૂતો પાસેથી સોદો કરી લીધો.

જ્યાં હજુ થોડા સમય પહેલા વીઘાના લાખો રૂપિયા માંડ ઉપજતા હતા, ત્યાં પ્રોજેક્ટની જાહેરાત થતા જ ભાવ આસમાને પહોંચ્યા છે.

તંત્ર સામે સવાલ: શું આ અધિકારીઓ સામે તપાસ થશે? શું ખેડૂતોના હકનું વળતર આ 'ભ્રષ્ટ સાહેબો' ઓહિયા કરી જશે?

# ડભોઈ-શિનોર પંથકમાં STની ખખડધજ બસો 'મોતની સવારી' સમાન

ડભોઈ

ડભોઈ અને શિનોર તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. નિગમની ગંભીર બેદરકારી સામે આવી રહી છે. કાયાવરોણ, ચાણોદ, બરકાલ, માલસર અને માંડવા જેવા રૂટ પર નિગમ દ્વારા એવી બસો દોડાવવામાં આવી રહી છે જે પોતાનું આયુષ્ય ક્યારનુંય પૂર્ણ કરી ચૂકી છે. આ ખખડધજ બસોને કારણે હજારો મુસાફરો અને વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મુકાયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ રૂટ પર ચાલતી મોટાભાગની બસોની હાલત અત્યંત દયનીય છે. ઘણી બસોમાં બ્રેક પણ વ્યવસ્થિત લાગતી નથી, જે ગમે ત્યારે મોટી જાનહાનિ નોતરી શકે છે.

નિર્ધારિત કિલોમીટર પૂર્ણ કરી ચૂકેલી આ બસો વારંવાર રસ્તામાં જ ખોટકાઈ જાય છે, જેના કારણે બીમાર દર્દીઓ, નોકરીયાત વર્ગ અને મુસાફરોને કલાકો સુધી રઝળપાટ કરવો પડે છે. સૌથી વધુ માઠી અસર શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ પર પડી રહી છે. બસ સમયસર ન પહોંચવાને કારણે અથવા અધવચ્ચે બગડવાને કારણે વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. પરીક્ષાના સમયે પણ બસની અનિયમિતતા અને ભંગાર હાલત વિદ્યાર્થીઓ માટે માનસિક ત્રાસ સમાન બની ગઈ છે.

આ ગંભીર પ્રશ્ને જાગૃત નાગરિકો દ્વારા રાજ્યના ઉપમુખ્યમંત્રી, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, વાહન વ્યવહાર મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ ડભોઈ ડેપો મેનેજરને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. મંત્રીશ્રીઓ સુધી વાત પહોંચી હોવા છતાં સ્થાનિક કક્ષાએ ડભોઈ ડેપો મેનેજર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે? ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓની સૂચના બાદ પણ ડભોઈ ડેપો મેનેજર કેમ નવા રૂટ કે નવી બસો ફાળવતા નથી? જનતા હવે આ ખખડધજ બસોથી કાયમી છુટકારો ઈચ્છી રહી છે.

સોમનાથ મહોત્સવમાં સરદાર પટેલ ગાયબ!

# કોંગ્રેસનો ભાજપ ઉપર અકરાં પ્રહાર : "રાજનીતિ માટે લોહપુરુષને ભૂલી ગયા?"

## 75 વર્ષના અમૃત મહોત્સવમાં સરદાર સાહેબ અને વીર હમીરજી ગોહિલના ફોટા કેમ નથી?

અમદાવાદ

સોમનાથ મંદિરના ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી વચ્ચે રાજ્યમાં નવું રાજકીય ઘમસાણ શરૂ થયું છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી સંયુક્ત પ્રેસવાર્તામાં કોંગ્રેસના પ્રવક્તાઓ ડૉ. હિમાંશુ પટેલ, હેમાંગ રાવલ અને ડૉ. પાર્થીવરાજસિંહ કઠવાડિયાએ ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સોમનાથના જીર્ણોદ્ધારની પ્રતિજ્ઞા લેનારા સરદાર વલ્લભભાઈ પટેલને જ સરકારી જાહેરાતો અને પોસ્ટરોમાંથી ઈરાદાપૂર્વક ગાયબ કરી દેવામાં આવ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે: સોમનાથ મંદિરની બહાર ઉભા રહીને જેણે જીર્ણોદ્ધારનો સંકલ્પ લીધો હતો, તે લોહપુરુષ સરદાર પટેલનો ફોટો મહોત્સવની જાહેરાતોમાં ક્યાંય નથી. આ ગુજરાત અને દેશ માટે શરમજનક છે.

સરદારના નામે સત્તા મેળવનારાઓએ પહેલા અમદાવાદના સ્ટેડિયમનું નામ બદલી 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' કર્યું, એરપોર્ટના નામકરણનો વિરોધ કર્યો અને હવે ઈતિહાસમાંથી પણ તેમને ભૂંસવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગાંધીનગર વિધાનસભાના 'સરદાર સંકુલ'ને 'સ્વર્ણિમ સંકુલ' કરી નાખવું એ શું સરદાર સાહેબનું સન્માન છે?

મીડિયા કો-કન્વીનર હેમાંગ રાવલે જણાવ્યું કે, સોમનાથના ઈતિહાસમાં હજારો બ્રાહ્મણોએ શિવલિંગને બચાવવા બલિદાન આપ્યા હતા, જેની જનોઈના મણ જેટલા ઢગલા થયા હતા. ભાજપ સરકાર આ બલિદાનોને ભૂલીને માત્ર પોતાનો ચહેરો ચમકાવવામાં મસ્ત છે. વેકેશનમાં પણ ઋષિકુમારોને પૂજા માટે બોલાવી તેમને કાયદાકીય રીતે મુશ્કેલીમાં મુક્યા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

ડૉ. પાર્થીવરાજસિંહ કઠવાડિયાએ દુહા લલકારીને સોમનાથ માટે બલિદાન આપનારા શૂરવીરોને યાદ કર્યા હતા:

હમીરજી ગોહિલ, વેગડાજી ભીલ, છત્રપાલ સરવૈયા, સઘદેવ સોલંકી અને નાનજી મહારાજ જેવા વીરો, જેમણે સોમનાથની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કર્યા, તેમના ચહેરા પોસ્ટરોમાં કેમ નથી?

કોળી, આહીર, કાઠી, મેર, રાજપૂત, બ્રાહ્મણ અને રબારી-ભરવાડ સમાજ જેવી અનેક જ્ઞાતિઓના બલિદાનને ભૂલીને પ્રસિદ્ધિ ખાંટવી એ સૌરાષ્ટ્ર અને સોરઠની ખમીરવંતી જનતાનું અપમાન છે.

જ્વેલર્સમાં ફફડાટ : ગ્રાહકો મૂંઝવણમાં

# 'સોનું ન ખરીદો' વડાપ્રધાન મોદીની અપીલથી ગુજરાતના બજારોમાં ભૂકંપ!

રાજકોટ

ગુજરાતમાં લગ્નસરાની મોસમ જામી છે ત્યારે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'સોનું ન ખરીદવા'ની અપીલે સમગ્ર રાજ્યના સુવર્ણ બજારમાં ખળભળાટ મચાવી દીધો છે. અમદાવાદના માણેકચોકથી લઈને રાજકોટના સોની બજાર સુધી ફફડાટ ફેલાયો છે. ગ્રાહકોના શ્વાસ અદ્ધર થઈ ગયા છે કે હવે સોનામાં રોકાણ કરવું સુરક્ષિત છે કે નહીં?



પીએમ મોદીએ દેશના અર્થતંત્રને મજબૂત કરવા અને ઈમ્પોર્ટ ડ્યુટીના ભારણને ઘટાડવા માટે લોકોને સોનામાં રોકાણ કરવાને બદલે અન્ય વિકલ્પો પસંદ કરવા અપીલ કરી છે. આ સમાચાર વાયુવેગે ફેલાતા જ: જેમના ઘરે પ્રસંગો છે તેઓ મુંઝવણમાં મુકાયા છે કે અત્યારે ખરીદી કરવી કે ભાવ ઘટવાની રાહ જોવી?

કરોડો રૂપિયાનો સ્ટોક લઈને બેઠેલા વેપારીઓને ડર છે કે જો માંગ ઘટશે તો બજાર તૂટી પડશે.

સોની વેપારીઓએ બતાવ્યો 'વચલો રસ્તો'

ગુજરાતભરના જ્વેલર્સ એસોસિએશને તાત્કાલિક બેઠકોનો દોર શરૂ કર્યો છે. પીએમની અપીલ બાદ વેપારીઓએ સરકારને કેટલાક સૂચનો સાથેનો 'વચલો રસ્તો' દેખાડ્યો છે:

ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં સુધારો: ઘરોમાં પડેલું સોનું બેંકોમાં આવે તે માટે વ્યાજ દર વધારવામાં આવે.

ડિજિટલ ગોલ્ડને પ્રોત્સાહન: ભૌતિક સોનાના બદલે ગોલ્ડ બોન્ડ કે ડિજિટલ સોના પર ટેક્સ રાહત મળે.

રીસાઈકલિંગ પર ભાર: નવું સોનું આયાત કરવાને બદલે જૂના સોનાને ઓગાળીને નવી જ્વેલરી બનાવવાની પ્રક્રિયા સરળ કરવામાં આવે.

વેપારીનો મત: 'અમે વડાપ્રધાનની ભાવનાને સમજીએ છીએ, પણ લગ્નસરાના દેશમાં સોના વગર પ્રસંગ અધૂરો છે. સરકારે એવો રસ્તો કાઢવો જોઈએ જેથી દેશનું હૂંડિયામણ પણ બચે અને સામાન્ય માણસની પરંપરા પણ જળવાય.' - પ્રમુખ, જ્વેલર્સ એસોસિએશન

# પિનલ સોજિત્રાની પ્રથમ નવલકથા 'પરમસિદ્ધા'નું વિમોચન કરવામાં આવ્યું

અમદાવાદ

ગુજરાત સરકારના ક્લાસ-1 અધિકારી અને નવોદિત લેખિકા પિનલ સોજિત્રાની પ્રથમ નવલકથા 'પરમસિદ્ધા'નું વિમોચન અમદાવાદ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમીબેન ઉપાધ્યાયના હસ્તે યોજાયું હતું. આ પ્રસંગે અનેક સાહિત્યપ્રેમીઓ અને વિશિષ્ટ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિમોચન સમારંભ નવજીવન ટ્રસ્ટના જીતેન્દ્ર દેસાઈ મેમોરિયલ હોલમાં યોજાયો હતો. ડૉ. અમીબેન ઉપાધ્યાયે નવલકથાની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ''આ નવલકથા સમાજમાં વ્યાપ્ત પુત્રપ્રાધાન્યની માનસિકતા વચ્ચે એક દીકરીના સંઘર્ષ અને તેની સફળતાની પ્રેરણાદાયી ગાથા રજૂ કરે છે.'' આ અવસરે જાણીતા કવયિત્રી અને વિવેચક ઉષાબેન ઉપાધ્યાયે 'પરમસિદ્ધા'માં લેખિકાએ કરેલા ભાષાકર્મ વિશે વિગતે વાત કરી હતી. તેમણે કૃતિની ભાષાની વિશિષ્ટતાઓ અને લેખનશૈલીને વિશ્લેષિત કરી હતી. ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યું હતું કે, પિનલ સોજિત્રાએ કેવી રીતે એક ક્ષણને બીજી ક્ષણ સાથે પરોવીને ઉત્તમ નવલકથાનું સર્જન કર્યું છે, તે નોંધપાત્ર છે. એનઆઈએમસીજેના ડાયરેક્ટર ડૉ. શિરીષ કાશિકર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારી પ્રદીપસિંહ રાઠોડે વિશ્વસાહિત્યના વિવિધ સંદર્ભો સાથે 'પરમસિદ્ધા'નો અનુબંધ રજૂ કર્યો હતો. તેમણે આ કૃતિનું વાંચન શા માટે અનિવાર્ય છે, તે અંગે રસપ્રદ મંતવ્યો આપ્યા હતા. લેખિકા પિનલ સોજિત્રાએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, '''પરમસિદ્ધા' એ એક સામાન્ય બાળકીની અસાધારણ સ્ત્રી બનવાની જીવનયાત્રા છે; જે અસ્વીકારથી સ્વીકાર, પરનિર્ભરતાથી આત્મનિર્ભરતા અને ભગ્નાવસ્થાથી પુનઃનિર્માણ સુધીની કથા આલેખે છે.''

# 10 પરિવારોના આશિયાના બળીને ખાખ

## નાગલપુરની ઝૂંપડપટ્ટીમાં વહેલી સવારે કાળમુખી આગ લાગી

મહેસાણા

મહેસાણા શહેરના નાગલપુર વિસ્તારમાં આજે વહેલી સવારે આગનું તાંડવ જોવા મળ્યું હતું. અહીં આવેલી એક ઝૂંપડપટ્ટીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ગરીબ પરિવારોમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧૦થી વધુ ઝૂંપડાં બળીને રાખ થઈ જતાં અનેક પરિવારો ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે.

વહેલી સવારે જ્યારે લોકો મીઠી નિદ્રામાં હતા, ત્યારે અચાનક આગની જ્વાળાઓ ઉઠતા નાગલપુર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં ૧૦ જેટલા ઝૂંપડાઓને પોતાની લપેટમાં લઈ લીધા હતા. ગરીબ પરિવારો પોતાનો સામાન બચાવે તે પહેલા જ બધું જ સ્વાહા થઈ ગયું હતું.

જાણ થતા જ મહેસાણા મહાનગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો:

ફાયર ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

ફાયર જવાનોની સમયસૂચકતાને કારણે આગને વધુ પ્રસરતી અટકાવી લેવામાં આવી હતી, જેનાથી બાજુમાં આવેલા અન્ય ઝૂંપડાઓ બચી ગયા હતા.

સદનસીબે આ ભીષણ આગમાં કોઈ વ્યક્તિ દાઝી નથી કે કોઈના મૃત્યુના સમાચાર નથી, જે એક મોટી રાહતની વાત છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણ હોવાની આશંકા સેવાઈ રહી છે.

વડોદરામાં વિકાસના દાવા વચ્ચે રસ્તાની ખરાબ હાલત સામે આવી

# વડોદરા શહેરમાં બીલ-ચાપડ મુખ્ય માર્ગ પર ખોદકામ બાદ મસમોટો ભુવો પડ્યો, પાલિકાની કામગીરી પર સવાલ ઉઠ્યાં

વડોદરા

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરના રસ્તાઓની વાસ્તવિક સ્થિતિ ફરી એકવાર સામે આવી છે. બીલથી ચાપડને જોડતા ધમધમતા મુખ્ય માર્ગ પર પાલિકાના કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે મસમોટો ભુવો પડતા વાહનચાલકો અને સ્થાનિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન કોઈપણ યોગ્ય આયોજન કે ટેકનિકલ દેખરેખ વગર ખોદકામ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા ભારે પાણીનો પ્રવાહ રસ્તા પર ફરી વળ્યો હતો અને જોતજોતામાં રોડ પર મોટો ભુવો પડી ગયો હતો.પાણી સાથે કાદવ અને કીચડ રસ્તા પર ફેલાઈ જતા અનેક દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થઈ પટકાયા હોવાની માહિતી સામે આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ખોદકામ દરમિયાન કોન્ટ્રાક્ટર પાસે કોઈ સ્પષ્ટ નકશો કે ટેકનિકલ દસ્તાવેજો પણ ન હતા. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો કે જ્યારે જાગૃત નાગરિકોએ કોન્ટ્રાક્ટરને પૂછપરછ કરી ત્યારે તેણે સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે સ્થળ છોડીને નાસી છૂટ્યો હતો.



23 લાખ વિદ્યાર્થીઓના સપનાઓ પર ફરી વળ્યું પાણી

# NEET 2026 પરીક્ષા રદ : શિક્ષણ જગતનો સૌથી મોટો કાળો અધ્યાય

નવી દિલ્હી

દેશભરના લાખો વિદ્યાર્થીઓ જેની આતુરતાથી રાહ જોતા હોય છે અને જે પરીક્ષા માટે દિવસ-રાત એક કરીને મહેનત કરતા હોય છે, તે NEET 2026 ની પરીક્ષા રદ થતા સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. વર્ષ 2024 ના વિવાદોમાંથી બોધપાઠ લેવાને બદલે 2026 માં ફરી એ જ પ્રકારની લાલિયાવાડી સામે આવતા તંત્રની વિશ્વસનીયતા પર મોટા સવાલો ઊભા થયા છે. આ વર્ષે NEET ની પરીક્ષામાં અંદાજે 23 લાખ જેટલા વિદ્યાર્થીઓ બેઠા હતા. મધ્યમવર્ગીય પરિવારના સંતાનો જે ડોક્ટર બનવાનું સપનું સેવી રહ્યા હતા, તેમના સપનાઓ પર તંત્રની એક ભૂલે પાણી ફેરવી દીધું છે. સિસ્ટમમાં જોવા મળેલી ખામીઓ અને પેપર લીક જેવી ચર્ચાઓને કારણે પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે, પરંતુ આ માટે જવાબદાર કોણ? તે મોટો પ્રશ્ન છે. વર્ષ 2024 માં પણ NEET પરીક્ષાના પરિણામો અને પ્રક્રિયાને લઈને સુપ્રીમ કોર્ટ સુધી મામલો પહોંચ્યો હતો. તેમ છતાં, બે વર્ષ પછી પણ તંત્ર કોઈ નક્કર ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવી શક્યું નથી. શિક્ષણ માફિયાઓ જાણે સિસ્ટમ કરતા પણ વધુ




તાકતવર બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. વિદ્યાર્થીઓની મહેનત કરતા રૂપિયાનું જોર વધી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. 1. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ: પેપર સેટિંગથી લઈને સેન્ટર સુધી પહોંચાડવા માટે સુરક્ષિત ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.

2. સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ: પેપર લીક કે શિક્ષણ કૌભાંડમાં પકડાયેલા ગુનેગારોને મહિનાઓમાં જ સખત સજા મળવી જોઈએ.

3. સેન્ટ્રલાઈઝ્ડ કંટ્રોલ: પરીક્ષા કેન્દ્રો પર કડક નિરીક્ષણ હેઠળ પરીક્ષા લેવાય તે જરૂરી છે.

4. જવાબદારી નક્કી કરો: જે અધિકારીઓની દેખરેખ હેઠળ ખામી સર્જાય, તેમની સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

**શિક્ષણ માફિયાઓ સામે ક્યારે થશે કડક કાર્યવાહી?**

પાક્કો ગુજરાતનો સવાલ

સરકાર દર વખતે કડક હાથે કામ લેવાની વાતો કરે છે, પણ શું 23 લાખ વિદ્યાર્થીઓના વેડફાયેલા વર્ષની ભરપાઈ કોઈ કરી શકશે? જો 2024 માં જ દાખલો બેસાડ્યો હોત, તો કદાચ 2026 માં વિદ્યાર્થીઓએ રડવાનો વારો ન આવ્યો હોત. હવે સમય આવી ગયો છે કે સિસ્ટમમાં રહેલા સડેલા તત્વોને મૂળમાંથી ઉખેડી ફેંકવામાં આવે.

એજન્ટોનો 'લાઇ ડિટેક્ટર' ટેસ્ટ કરવાની અપાઈ ધમકી

# કાશ પટેલની 'વ્હિસ્કી' ચોરાઈને FBIમાં ફફડાટ!

નવી દિલ્હી

સામાન્ય રીતે જ્યારે કોઈની વ્હિસ્કીની બોટલ ગાયબ થાય ત્યારે લોકો ફરિયાદ કરવાનું પણ ટાળતા હોય છે, પરંતુ જ્યારે વાત કાશ પટેલની હોય ત્યારે મામલો 'નેશનલ ઈમરજન્સી' જેવો બની જાય છે. વર્જિનિયાના ક્વાન્ટિકો સ્થિત એફબીઆઈ (FBI) ટ્રેનિંગ સેન્ટર ખાતેથી કાશ પટેલની ખાસ તૈયાર કરાયેલી બોર્બન વ્હિસ્કીની બોટલ ચોરાતા અમેરિકાની આ ટોચની તપાસ એજન્સીમાં ભારે હોબાળો મચી ગયો છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ કોઈ સામાન્ય વ્હિસ્કી નહોતી. આ બોટલ પર ખાસ કોતરણી કરવામાં આવી હતી જેમાં:

બોટલ પર 'કાશ પટેલ એફબીઆઈ ડાયરેક્ટર' લખેલું હતું.

તેના પર એફબીઆઈનું સત્તાવાર પ્રતીક અને કાશ પટેલના હસ્તાક્ષર પણ કોતરેલા હતા.

આ બોટલ ગાયબ થતા જ કાશ પટેલ એટલા ગુસ્સે થયા કે તેમણે એજન્ટોને પોલિગ્રાફ ટેસ્ટ (જૂઠ પકડવાનું મશીન)




કરાવવાની અને કાયદેસરની કાર્યવાહી કરવાની ધમકી આપી દીધી છે.

કાશ પટેલ અમેરિકન રાજકારણમાં એક વિવાદાસ્પદ અને ચર્ચિત ચહેરો છે. તેમણે પોતાના નામને એક બિઝનેસ બ્રાન્ડમાં ફેરવી નાખ્યું છે.

તેઓ પોતાની ઓળખ 'Ka$h' તરીકે આપે છે.

બજારમાં તેમના નામના ટી-શર્ટ, હુડી અને અન્ય એસેસરીઝનું વેચાણ થાય છે. ટીકાકારોનું કહેવું છે કે, એફબીઆઈ જેવી ગંભીર સંસ્થાના ટ્રેનિંગ સેન્ટરમાં પોતાની બ્રાન્ડિંગવાળી વ્હિસ્કી રાખવી અને પછી તેના માટે આટલો હોબાળો કરવો એ સંસ્થાની મર્યાદાની વિરુદ્ધ છે. અહીં ઉદ્દેશ્ય સંસ્થાની ગરિમા જાળવવાનો ઓછો અને પોતાની 'સ્વેગ' બતાવવાનો વધુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

એક બાજુ જ્યાં એફબીઆઈ ગંભીર આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસ કરે છે, ત્યાં બીજી બાજુ એક વ્હિસ્કીની બોટલ માટે એજન્ટોના લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરવાની વાત આવતા એજન્સીની અંદર પણ આંતરિક અસંતોષ જોવા મળી રહ્યો છે.

સત્તાના લોભ સામે સિદ્ધાંતોની જીત

# સ્ટાલિને ભારતીય રાજકારણમાં સ્થાપ્યો નવો આદર્શ

ચેન્નાઈ

ભારતીય રાજકારણમાં જ્યારે 'સત્તા મેળવવી' એ જ એકમાત્ર લક્ષ્ય બની ગયું હોય, ત્યારે દક્ષિણ ભારતમાંથી લોકશાહીના મૂલ્યોને જીવંત રાખતો એક કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સો છે તમિલનાડુના દિગ્ગજ નેતા એમ.કે. સ્ટાલિનનો, જેમણે સાબિત કરી દીધું છે કે ખુરશી કરતાં લોકશાહી અને સ્વમાનનું મૂલ્ય અનેકગણું વધારે છે.

તાજેતરની રાજકીય સ્થિતિમાં સ્ટાલિનની પાર્ટી DMK ચૂંટણીમાં પરાજિત થઈ. બીજી તરફ, અભિનેતામાંથી નેતા બનેલા વિજયની પાર્ટી 'ટીવીકે' (TVK) સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી, પરંતુ બહુમતીના જાદુઈ આંકડાથી થોડી દૂર રહી ગઈ. આ એવી ક્ષણ હતી જ્યાં સામાન્ય રીતે 'ઘોડાબજાર' (Horse-trading) શરૂ થતું હોય છે, પરંતુ અહીં ઈતિહાસ કંઈક અલગ રીતે લખાયો.



આજના યુગમાં જ્યાં ધારાસભ્યોને તોડવા, પક્ષપલટો કરાવવો અને ગમે તે ભોગે સરકાર બનાવવી એ 'ચાણક્ય નીતિ' ગણાય છે, ત્યાં સ્ટાલિને મર્યાદા પુરૂષોત્તમ જેવો અભિગમ અપનાવ્યો:

કોઈ તોડજોડ નહીં: તેમણે સત્તા ટકાવી રાખવા માટે કોઈ અનૈતિક ગઠબંધન ન કર્યું.

પોતાની હાર સ્વીકારી એટલું જ નહીં, પણ સરકાર બનાવવા માટે જરૂરી બે ધારાસભ્યોને વિજયની પાર્ટીને ટેકો આપવા સૂચના આપી.

સત્તા માટે પોતાના કટ્ટર હરીફો સામે ઝૂકવાને બદલે તેમણે જનમતના આદરને પ્રાધાન્ય આપ્યું.

'સત્તા તો આજે છે ને કાલે નથી, પણ ચારિત્ર્ય અને લોકશાહી કાયમી છે. સ્ટાલિને લીધેલો આ નિર્ણય તેમને રાજકારણના હિમાલય જેટલા ઊંચા કદ પર લઈ ગયો છે.' આ ઘટનાએ ઉત્તર ભારતના રાજકારણ સામે પણ સવાલો ઉભા કર્યા છે.

ભ્રષ્ટ વ્યવસ્થાએ સપનાઓને કચડી નાખ્યા

# રાહુલ ગાંધીનો કેન્દ્ર સરકાર પર આકરો પ્રહાર "અમૃતકાળ નહીં, આ તો યુવાનો માટે વિષકાળ"

નવી દિલ્હી

નીટ-2026 (NEET-2026)ની પરીક્ષા રદ થવાના સમાચાર વાયુવેગે ફેલાતા જ દેશભરના વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. આ ગંભીર મુદ્દે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ભાજપ સરકારને આડે હાથ લેતા આકરા પ્રહારો કર્યા છે. રાહુલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જે વ્યવસ્થા વિદ્યાર્થીઓના ભવિષ્યની રક્ષા નથી કરી શકતી તે 'ભ્રષ્ટ' છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર અને મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે:

મહેનત પર પાણી ફેરવ્યું: દેશના 22 લાખથી વધુ વિદ્યાર્થીઓએ રાત-દિવસ એક કરીને જે મહેનત કરી હતી, જે ત્યાગ આપ્યો હતો, તેને આ સરકારે એક ઝાટકે



ખતમ કરી દીધો છે.

* ભ્રષ્ટ સિસ્ટમ: પેપર લીક અને ગેરરીતિઓની સાંકળ એટલી મજબૂત છે કે પ્રામાણિક વિદ્યાર્થીઓ માટે આ વ્યવસ્થામાં કોઈ સ્થાન બચ્યું નથી.

* અમૃતકાળ કે વિષકાળ?: સરકાર જેને 'અમૃતકાળ' ગણાવે છે, તે દેશના યુવાનો માટે ખરેખર 'વિષકાળ' સાબિત થઈ રહ્યો છે.

યુવાનોના ભવિષ્ય સાથે મોટો અપરાધ

રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, 'આ માત્ર પરીક્ષા રદ થવાનો મામલો નથી, પણ લાખો પરિવારોની આશાઓ પર થયેલો હુમલો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં પરીક્ષાઓ પારદર્શક રીતે યોજવી અશક્ય બની ગઈ છે. આ યુવાનોના ભવિષ્ય સાથે થયેલો સૌથી મોટો અપરાધ છે અને ભાજપે તેની જવાબદારી લેવી જ પડશે.'

નીટ પરીક્ષા રદ થતા ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ચિંતામાં મુકાયા છે. કોચિંગ હબ ગણાતા અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમાં વિદ્યાર્થીઓએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો છે.

વાલીઓનું કહેવું છે કે, 'વારંવાર પરીક્ષાઓ રદ થવાથી વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં આવી જાય છે, આનો જવાબદાર કોણ?'

પાક્કો ગુજરાતનો સવાલ: શું દેશની સૌથી મોટી તબીબી પ્રવેશ પરીક્ષાની સુરક્ષા પણ સરકાર જાળવી શકતી નથી? ક્યાં સુધી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે આ રીતે ચેડાં થતા રહેશે?

26 કલાકમાં 3 હત્યા કરનાર નિવૃત આર્મી મેનનું એન્કાઉન્ટર

# કાળમુખો સાયકો કિલર : "હું મનનો રાજા છું, દારૂ પીને ગમે તેને મારી નાખું!"

યુપી

દેશની રક્ષા કરનાર જ જ્યારે ભક્ષક બની જાય ત્યારે કેવી ભયાનક સ્થિતિ સર્જાય છે તેનો પુરાવો ઉત્તર પ્રદેશમાં જોવા મળ્યો.

આર્મીમાંથી નિવૃત થયેલા એક સાયકો કિલરે માત્ર ૨૬ કલાકના ગાળામાં ચાલતી ટ્રેન અને હોસ્પિટલમાં મળી કુલ ૩ લોકોની નિર્મમ હત્યા કરી નાખી હતી.

આ નરાધમને પકડવા ગયેલી પોલીસ પર પણ તેણે હુમલો કરતા, આખરે પોલીસે એન્કાઉન્ટરમાં તેને ઠાર માર્યો છે.

પકડાયા બાદ અથવા તેના આતંક દરમિયાન આ સાયકો કિલરના મનમાં કોઈ પસ્તાવો નહોતો. તે ગર્વથી કહેતો



હતો કે, 'હું મનનો રાજા છું, દારૂ પીધા પછી મારા મનમાં જે આવે તે કરું છું.' તેની આ સાયકો માનસિકતાને કારણે ત્રણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.

૧. ચાલતી ટ્રેનમાં આતંક: આર્મીમાંથી નિવૃત થયેલા આ શખ્સે સૌથી પહેલા ટ્રેનમાં મુસાફરી કરી રહેલા નિર્દોષ મુસાફરો પર હુમલો કર્યો હતો. કોઈ પણ દુશ્મનાવટ વગર તેણે પોતાની પાસેના હથિયારથી મુસાફરોને નિશાન બનાવ્યા હતા.

૨. હોસ્પિટલમાં ખૂની ખેલ: ટ્રેન બાદ તે હોસ્પિટલ પહોંચ્યો હતો. ત્યાં પણ તેણે ડોક્ટર કે સ્ટાફની પરવા કર્યા વગર આડેધડ હુમલો કરી મોતનું તાંડવ મચાવ્યું હતું.

૩. પોલીસ સાથે ઘર્ષણ: જ્યારે પોલીસને આ સાયકો કિલરના લોકેશનની ખબર પડી, ત્યારે તેને ઘેરી લેવામાં આવ્યો હતો. શરણે આવવાને બદલે તેણે પોલીસ પર ફાયરિંગ શરૂ કર્યું હતું.

પોલીસે આત્મરક્ષણ અને જનતાની સુરક્ષા માટે વળતું ફાયરિંગ કર્યું હતું, જેમાં આ સાયકો કિલર ઠાર મરાયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તે માનસિક રીતે અસ્થિર હતો અને દારૂના નશામાં તે હિંસક બની જતો હતો. આર્મીની ટ્રેનિંગનો ઉપયોગ તેણે દેશની રક્ષાને બદલે નિર્દોષોના લોહી વહેવડાવવા માટે કર્યો હતો.

સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# ઘરની ચાર દીવાલ વચ્ચે આપેલી જાતિસૂચક ગાળ એ ગુનો નથી! : SC

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે SC/ST એક્ટના દુરુપયોગને રોકવા અને કાયદાની મર્યાદા નક્કી કરવા માટે એક અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ વ્યક્તિએ ઘરની અંદર એટલે કે ખાનગી પરિસરમાં જાતિસૂચક શબ્દોનો ઉપયોગ કર્યો હોય, તો તેને આ કાયદા હેઠળ અપરાધ માની શકાય નહીં. આ કાયદો ત્યારે જ લાગુ પડશે જ્યારે ઘટના એવી જગ્યાએ બની હોય જ્યાં સામાન્ય જનતા હાજર હોય અથવા જોઈ-સાંભળી શકે.

આ કેસની વિગત એવી છે કે એક શખ્સ પર તેના ઘરની અંદર ફરિયાદકર્તાને જાતિસૂચક ગાળો આપવાનો આરોપ હતો. આ મામલે આરોપી સામે SC/ST એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આરોપીએ આ કાર્યવાહીને પડકારતા દલીલ કરી હતી કે આ ઘટના કોઈ જાહેર સ્થળે અથવા લોકોની હાજરીમાં બની નથી, તેથી આ એક્ટ લાગુ થઈ શકે નહીં. આખરે આ મામલો દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો.

'પબ્લિક વ્યુ'ની શરત ફરજિયાત: કોર્ટે કહ્યું કે SC/ST એક્ટની કલમ 3(1)(r) હેઠળ અપરાધ ત્યારે જ બને જ્યારે અપમાનજનક ટિપ્પણી એવી જગ્યાએ થઈ હોય જ્યાં બહારના લોકો અથવા સમાજના અન્ય સભ્યો તેને જોઈ કે સાંભળી શકે.

ખાનગી વિવાદ vs સામાજિક અપરાધ: કોર્ટે ટિપ્પણી કરી કે આ કાયદાનો હેતુ અનુસૂચિત જાતિ/જનજાતિના લોકોને સામાજિક અપમાન અને ઉત્પીડનથી બચાવવાનો છે. ઘરની અંદર થયેલી કોઈ વાત, જ્યાં કોઈ સાક્ષી નથી, તે સામાજિક અપરાધના દાયરામાં આવતી નથી.

કોર્ટે જોયું કે આ કિસ્સામાં ઘટના ખાનગી ઘરની અંદર બની હતી અને કોઈ બાહ્ય વ્યક્તિ ત્યાં હાજર નહોતી. આ જ કારણસર કોર્ટે આરોપી સામેની તમામ ફોજદારી કાર્યવાહી રદ કરવાનો આદેશ આપ્યો છે.

કાયદાકીય નિષ્ણાતો માને છે કે આ ચુકાદાથી એવા લોકોને મોટી રાહત મળશે જેમના પર અંગત અદાવતને કારણે બંધ રૂમમાં થયેલી વાતચીતને આધારે ખોટા કેસ કરવામાં આવે છે. કોર્ટે સાફ કરી દીધું છે કે કાયદાકીય કાર્યવાહી માટે માત્ર આરોપ પૂરતા નથી, પણ કાયદાના માપદંડો (જેમ કે પબ્લિક વ્યુ) પૂરા થવા પણ એટલા જ જરૂરી છે.

યુવતીની કરુણ કહાની: "મારે લગ્ન કરવા છે પણ પરિવાર દીવાલ બનીને ઉભો છે"

# 41 વર્ષીય મહિલાએ પોલીસ પાસે માંગી મદદ

## જમીન હડપી લીધી અને હવે સંબંધો તોડાવે છે : પ્રયાગરાજની યુવતીએ માતા-પિતા અને ભાઈ-ભાભી સામે નોંધાવી FIR

અલ્હાબાદ

સંબંધો જ્યારે સ્વાર્થની ચાદર ઓઢી લે છે ત્યારે કેવી ભયાનક સ્થિતિ સર્જાય છે તેનો જીવતો જાગતો કિસ્સો પ્રયાગરાજના સરાયઈનાયત વિસ્તારમાં સામે આવ્યો છે. એક ૪૧ વર્ષીય શિક્ષિત મહિલાએ પોતાના જ પરિવાર પર ગંભીર આરોપ લગાવતા પોલીસ સ્ટેશનના પગથિયાં ચઢ્યા છે. આ મહિલાની પીડા એવી છે કે તે લગ્ન કરીને સન્માનપૂર્વક જીવવા માંગે છે, પરંતુ તેનો જ પરિવાર આર્થિક લોભમાં તેના લગ્ન થવા દેતો નથી.

પીડિતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તેની ઉંમર ૪૧ વર્ષની થઈ ગઈ છે. જ્યારે પણ ક્યાંયથી લગ્નનો પ્રસ્તાવ આવે છે ત્યારે તેના ભાઈ અને ભાભી કોઈને કોઈ બહાનું કાઢીને માંડુ તોડાવી નાખે છે. તેમનું કહેવું છે કે લગ્ન કરાવવામાં પૈસા ખર્ચ થશે. આશ્ચર્યની વાત એ છે કે પરિવારે મહિલાના નામે રહેલી જમીન પણ પોતાના નામે કરાવી લીધી છે અને હવે તેને નોંધારી હાલતમાં છોડી દીધી છે.

એકલવાયું જીવન: છેલ્લા ૨૦ વર્ષથી મહિલા પરિવારથી અલગ અને એકલી રહે છે.

આર્થિક બહિષ્કાર: પરિવારે ક્યારેય તેને ખાવા-પીવાની ચીજવસ્તુઓ કે આર્થિક મદદ આપી નથી.

સ્વબળ પર ગુજરાન: ગ્રેજ્યુએશન અને ડીએલએડ (D.El.Ed) જેવી ઉચ્ચ ડિગ્રી ધરાવતી આ મહિલા સ્કૂલમાં ભણાવીને, બ્યૂટી પાર્લર અને કપડાંની દુકાનમાં કામ કરીને પોતાનું પેટ ભરે છે. તે ટ્રેક્ટર ચલાવીને ખેતીમાં પણ સક્ષમ છે. મહિલાએ જણાવ્યું કે ૨૭ એપ્રિલના રોજ જ્યારે તે પોતાના ઘરે હતી, ત્યારે પિતા, માતા અને ભાઈ-ભાભી સહિતના સભ્યોએ તેના રૂમમાં ઘૂસીને તેની સાથે જોરદાર મારપીટ કરી હતી. મહિલાનો આરોપ છે કે પરિવારે તેને જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી, પરંતુ તે જેમતેમ કરીને જીવ બચાવીને ભાગી છૂટી હતી. પીડિત મહિલાએ વધુમાં જણાવ્યું કે તે ચાર ભાઈ-બહેનોમાં મોટી છે. તેના મોટા ભાઈના લગ્ન થઈ ગયા છે, પરંતુ તેની બે નાની બહેનો (ઉંમર ૩૭ અને ૩૪ વર્ષ) ના પણ હજુ સુધી લગ્ન કરાવવામાં આવ્યા નથી.

SIRએ TMCનો ખેલ બગાડ્યો? મમતા બેનર્જીના દાવા પર

# સુપ્રીમ કોર્ટે કહ્યું : "તમે અરજી કરવા સ્વતંત્ર"

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026ના પરિણામો બાદ ઊભો થયેલો મતદાર યાદીનો વિવાદ હવે સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે. સોમવારે સુપ્રીમ કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય અરજદારોને મતદાર યાદીમાંથી નામ હટાવવા અંગે નવી અરજીઓ દાખલ કરવાની સ્વતંત્રતા આપી છે. આ સુનાવણીમાં મુખ્ય મુદ્દો એ હતો કે શું SIR પ્રક્રિયાના કારણે ચૂંટણીના પરિણામો પ્રભાવિત થયા છે. તૃણમૂલ કોંગ્રેસ તરફથી વરિષ્ઠ એડવોકેટ અને સાંસદ કલ્યાણ બેનર્જીએ કોર્ટમાં ચોંકાવનારી દલીલો કરી હતી. રાજ્યની 31 વિધાનસભા બેઠકો પર હાર-જીતનું અંતર એ બેઠકો પરથી કાઢી નાખવામાં આવેલા મતદારોની સંખ્યા કરતા ઓછું છે. એક બેઠક પર TMC ઉમેદવાર માત્ર 862 મતોથી હાર્યા હતા, જ્યારે ત્યાંની મતદાર યાદીમાંથી 5,000થી વધુ નામો હટાવી દેવામાં આવ્યા હતા. ભાજપ અને TMC વચ્ચે મતોનું કુલ અંતર લગભગ 32 લાખ છે, જ્યારે મતદાર યાદીમાંથી નામ હટાવવા સામેની અપીલોની સંખ્યા 35 લાખથી વધુ છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે નોંધ્યું હતું કે, જો જીતનું અંતર ખરેખર ડિલીટ થયેલા મતો કરતાં ઓછું હોય, તો તેવા કિસ્સામાં નવી અરજીઓ કરી શકાય છે. કોર્ટે અપીલોના નિકાલ માટેની પદ્ધતિમાં સુધારો કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો, કારણ કે હાલની ગતિએ આ અપીલોના નિકાલમાં 4 વર્ષ જેટલો સમય લાગી શકે તેમ છે. ભારતીય ચૂંટણી પંચે આ દલીલોનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આવી વિસંગતતાઓ માટે કાયદાકીય ઉપાય ચૂંટણી પિટિશન (Election Petition) દ્વારા જ હોવો જોઈએ અને SIR પ્રક્રિયાના દરેક મુદ્દા પર અલગથી દાવો માંડી શકાય નહીં. બંગાળની 294 સભ્યોની વિધાનસભામાં ભાજપે 207 બેઠકો સાથે જીત મેળવી છે, જ્યારે TMC ને 80 બેઠકો મળી છે.


## તંત્રી લેખ...

# ચમત્કાર બહાર નહીં, આપણા જીવવાના અંદાજમાં છુપાયેલા છે!

આપણને નાનપણથી એવી વાર્તાઓ સાંભળવાની આદત પડી ગઈ છે જેમાં આકાશમાંથી કોઈ દેવદૂત આવે, જાદુઈ લાકડી ફેરવે અને રાતોરાત બધું બદલાઈ જાય. આપણે વર્ષો સુધી કોઈ 'ચમત્કાર'ની રાહ જોતા બેસી રહીએ છીએ. પણ સત્ય એ છે કે, ચમત્કાર કોઈ બાહ્ય ઘટના નથી, પણ આપણા દૃષ્ટિકોણ અને જીવવાના અંદાજનું પરિણામ છે.

દૃષ્ટિકોણ બદલો, દુનિયા બદલાશે

ઘણીવાર આપણે જે વસ્તુને નસીબ કે ચમત્કાર માનીએ છીએ, તે હકીકતમાં કોઈ વ્યક્તિની સતત મહેનત અને હકારાત્મક અભિગમનું પરિણામ હોય છે. જ્યારે તમે મુશ્કેલીમાં તક શોધો છો, ત્યારે તે ચમત્કાર છે. જ્યારે તમે હાર્યા પછી ફરી બેઠા થાઓ છો, ત્યારે તે ચમત્કાર છે.



* કૃતજ્ઞતાનો ભાવ: જેની પાસે છે તેનો આનંદ માણવો એ જ સૌથી મોટો ચમત્કાર છે.

* નાની ક્ષણોમાં ખુશી: સવારે વહેલા ઉઠીને પક્ષીઓનો કલરવ સાંભળવો કે કોઈ અજાણ્યા વ્યક્તિની મદદ કરવી–આ જીવવાની શૈલી જ જીવનને જાદુઈ બનાવે છે.

જીવવાનો અંદાજ કેવો હોવો જોઈએ?

ચમત્કારિક જીવન જીવવા માટે કોઈ મોટા મંત્રોની જરૂર નથી, બસ તમારા રોજિંદા વ્યવહારમાં થોડો ફેરફાર લાવવાની જરૂર છે:

1. વર્તમાનમાં જીવો: ગઈકાલના પસ્તાવા અને આવતીકાલની ચિંતા છોડીને આજે શ્રેષ્ઠ કામ કરવું એ જ ચમત્કારની શરૂઆત છે.
2. નિષ્ફળતાને સ્વીકારો: દરેક નિષ્ફળતા આપણને કંઈક નવું શીખવે છે. જે વ્યક્તિ પડીને હસતા મુખે ઉભી થાય છે, તેના માટે કુદરત પોતે રસ્તાઓ ખોલી દે છે.
3. નિ:સ્વાર્થ પ્રેમ અને સેવા: જ્યારે તમે બીજાના ચહેરા પર સ્મિત લાવો છો, ત્યારે તે સંતોષ દુનિયાના કોઈપણ જાદુ કરતા મોટો હોય છે.

સારાંશ


આપણે ચમત્કાર શોધવા માટે મંદિરો, મસ્જિદો કે જ્યોતિષીઓ પાસે દોડીએ છીએ, પણ જો આપણે આપણા વિચારોને શુદ્ધ કરીએ અને જીવવાની રીત બદલીએ, તો સમજાશે કે આપણું અસ્તિત્વ પોતે જ એક ચમત્કાર છે. 'જે દિવસે તમે તમારી મહેનત પર વિશ્વાસ કરવાનું શરૂ કરશો અને હકારાત્મકતાને તમારો સ્વભાવ બનાવશો, તે દિવસથી તમારા જીવનમાં ચમત્કારોની હારમાળા સર્જાશે.' યાદ રાખો, જાદુ જાદુગરના હાથમાં નથી હોતો, પણ જોનારની આંખમાં અને જીવનારના ઉત્સાહમાં હોય છે. તમારો જીવવાનો અંદાજ જ તમારી દુનિયા નક્કી કરશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# 2024માં મળેલી સફળતાને આગળ વધારવા INDIએ જુથ નિષ્ફળ રહ્યું

**પાંચ રાજ્યોમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોમાં કેરળમ , તામિલનાડૂ તથા પશ્ચિમ બંગાળ આ ત્રણ રાજ્યોમાં નાટકીય ફેરબદલ જોવાયા છે. આસામ તથા પુડુચેરીમાં જૈસે થે જેવી સ્થિતિ રહી છે. આ ચૂંટણીઓ સંદર્ભમાં એક સમાન મંતવ્ય લખવાનું શકય નથી. દરેક રાજ્યમાં વિભિન્ન મંતવ્ય જોવાયા છે. કેરળમમાં સીધોસટ ચુકાદો આવ્યો છે. અનેક દાયકાઓથી અહીં યુડીએફ તથા એલડીએફ વારાફરતી શાસન કરતા આવ્યા હતા.**


પાંચ રાજ્યોમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોમાં કેરળમ , તામિલનાડૂ તથા પશ્ચિમ બંગાળ આ ત્રણ રાજ્યોમાં નાટકીય ફેરબદલ જોવાયા છે. આસામ તથા પુડુચેરીમાં જૈસે થે જેવી સ્થિતિ રહી છે. આ ચૂંટણીઓ સંદર્ભમાં એક સમાન મંતવ્ય લખવાનું શકય નથી. દરેક રાજ્યમાં વિભિન્ન મંતવ્ય જોવાયા છે. કેરળમમાં સીધોસટ ચુકાદો આવ્યો છે. અનેક દાયકાઓથી અહીં યુડીએફ તથા એલડીએફ વારાફરતી શાસન કરતા આવ્યા હતા. પરંતુ ૨૦૨૧માં આ આ ક્રમ તૂટયો હતો, જ્યારે પિનારાઈ વિજયનની આગેવાની હેઠળ એસડીએફ બીજી મુદત માટે ફરી સત્તા પર આવી હતી. કોંગ્રેસે નવી નેતાગીરી (પીસીસી તથા સીએલપી)ને કમાન્ડ સોંપી હતી અને પાંચ વર્ષ સુધી નવા જોમ સાથે પક્ષે મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવી હતી. તેનું પરિણામ નજરે પડી રહ્યું છે. યુડીએફને શાસનની અને પરિણામો પૂરા પાડવાની જવાબદારી મળી છે જે યુડીએફ ભાગીદારોને એકજુથ રાખી શકશે અને બિનસાંપ્રદાયિકતા, આર્થિક પ્રગતિ, સમૃદ્ધિ અને સંગઠનવાદને આગળ ધપાવશે. અનપેક્ષિત પરિણામો તામિલનાડૂના મતદારોનો ચુકાદો જટિલ આવ્યો છે. કોંગ્રેસ તથા અન્ય ધર્મનિરપેક્ષ પક્ષોના ટેકા સાથે ડીએમકે ૨૦૨૧માં મજબૂત બહુમતિ ચૂંટણી જીતી ગયો હતો. આ પક્ષે આર્થિક વિકાસ તથા કલ્યાણકારી પગલાં આ બે મોરચે સારી કામગીરી દર્શાવી હતી. દેખીતી રીતે જ કેટલાક અજાણ્યા પરિબળો મતદારો પર હાવી થઈ ગયા હતા. ફિલ્મ અભિનેતા જોસેફ વિજય જેના લાખો ચાહકો ખાસ કરીને યુવાનો તથા યુવતિઓ છે તેમની રાજકારણમાં એન્ટ્રી એક અજાણ્યું પરિબળ હતું. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ ત્યારથી પવન ફુંકાવાનું શરૂ થઈ ગયું હતું અને તેણે ઝડપ પકડી હતી અને ચૂંટણીની તારીખના છેલ્લા દસ દિવસમાં તો તે વાવાઝોડામાં પરિવર્તીત થઈ ગયો હતો અને ૧૦૮ મતદારક્ષેત્રમાં તારાજી બોલાવી દીધી હતી. જો કે વિજયનો પક્ષ તેનાથી આગળ વધી શકયો નહતો. બે વર્ષ જુની રાજકીય પાર્ટી માટે આ એક પ્રશંસનિય દેખાવ છે. મોટાભાગના ઉમેદવારો અજાણ્યા ચ્હેરા અને નામ હતા તથા થોડોઘણો જ પ્રચાર થયો હતો. દરેક સ્થળે ઉમેદવાર જાણે જોસેફ વિજય જ ન હોય. પ્રચાર સામગ્રીમાં વિજયના ગીતો, ટૂંકા ભાષણો, મીમ્સનો સમાવેશ થતો હતો. સરળ બહુમતિ માટે ટીવીકેને ૧૧ બેઠકો ખૂટતી હતી પરંતુ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન અને ફેર ચૂંટણી અટકાવવા છેવટે કોંગ્રેસ (પાંચ બેઠક), સીપીઆઈ (૨), સીપીઆઈ (એમ) (૨) તથા વીસીકે (૨) ટેકો પૂરો પાડવાનો નિર્ણય કર્યો છે. પશ્ચિમ બંગાળમાં ખરો ચુકાદો આવ્યો



છે જે દેશની દિશા બદલવાની ક્ષમતા ધરાવે છે. બિનસાંપ્રદાયિક પક્ષો -કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ તથા સીપીઆઈ (એમ) - ભાજપ સામે અલગઅલગ રીતે લડયા હતા. છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપે રાજ્યમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે. પશ્ચિમ બંગાળમાં એસ. આઈ. આર.ને કારણે મોટી સંખ્યાના મતદારોના નામ કપાઈ ગયા છે અને લોકશાહી પર ગભરાટ ફેલાયો છે. એવા અસંખ્ય બનાવો જોવાયા હતા જ્યાં પુત્ર/પુત્રીના નામ મતદારયાદીમાં હતા પણ માતા/પિતાના નહોતા. એક જ પરિવારમાં કેટલાક લોકો મતદારહતા તો કેટલાક નહોતા. ન્યાયતંત્ર અને બદલાયેલા ન્યાયીક ઉપાયોએ લાખો મતદારોના નામ રદ કરી નાખ્યા હતા અને હજારો નિરાશ થયા હતા. એસ.આઈ.આર. ઉપરાંત, ત્રણ મુદતનો ભાર તૃણમુલ કોંગ્રેસ માટે એક મોટી સિદ્ધિ રહી હતી. ભાજપનો પ્રભાવ તૃણમુલ કોંગ્રેસનો પરાજય એક ગંભીર ઘટના છે. પશ્ચિમમાં (મહારાષ્ટ્ર, ગુજરાત તથા ગોવા), મોટાભાગના હિન્દી પટ્ટા (હિમાચલ પ્રદેશ તથા ઉત્તરાખંડને બાદ કરતા), પૂર્વ તથા ઉત્તર પૂર્વમાં ભાજપ એકલા હાથે અથવા મિશ્ર સરકાર ચલાવે છે. જો કે વિંધ્યા પર્વતમાળા ભાજપને દક્ષિણના પાંચ રાજ્યોમાં પ્રવેશતા અટકાવી રહી છે. કેરળમ તથા તામિલનાડૂમાં પ્રવેશવાના તેના અથાગ પ્રયાસોને મતદારોએ ફાવટ આવવા દીધી નથી. (ભાજપને કેરળમમાં ૩ અને તામિલનાડૂમાં ૧ બેઠક પ્રાપ્ક થઈ છે). જો કે દેશના બાકીના વિસ્તારોમાં તેનું નિયંત્રણ લગભગ સંપૂર્ણ છે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં માત્ર ૨૪૦ બેઠકો જીતવા છતાં, ભાજપ નીચે જણાવેલા પેચીદા ખરડાઓ પસાર કરાવી શકી છે. ધ વક્ફ (સુધારા) ખરડો, ૨૦૨૫ત જમ્મુ અને કાશમીર સ્થાનિક સંસ્થા (સુધારા) ધારો, ૨૦૨૫ત ટેકસેસન લોઝ (સુધારા) ધારો, ૨૦૨૫ત અને નેશનલ સ્પોર્ટસ ગવર્નન્સ એકટ, ૨૦૨૫. લોકશાહી વિરોધી એવા વન નેશન, વન ઈલેકશન જેવા અન્ય વિવાદાસ્પદ ખરડાઓ તૈયારીમાં છે. પૂરતું સંખ્યાબળ નહીં હોવાછતાં, સપ્ટેમ્બર, ૨૦૨૩માં મહિલા અનામત માટે મંજુર થયેલા ખરડાને રદ કરી તેને ફરી અમલમાં મૂકવા ભાજપે વિવાદાસ્પદ બંધારણિય (૧૩૧માં સુધારા) ખરડો રજૂ કર્યો હતો. નવા ખરડાનો મૂળ હેતુ ડીલિમિટેશનને આગળ ધપાવવાનો અને દરેક રાજ્યમાં લોકસભાની બેઠકો વધારવાનો હતો. આ ખરડાને આઈ. એન. ડી. આઈ. એ. જુથ દ્વારા નિષ્ફળ બનાવાયો હતો. ભાજપ પોતાની જીતનો સીલસીલો જાળવી રાખશે તો, સંસદીય પ્રણાલીની જાળમાં એક સરમુખત્યાર રાજ્ય બનાવવાનો માર્ગ મોકળો કરવા બંધારણમાં સુધારો કરવાનો સરકાર પ્રયાસ કરશે. ભાજપનું હવે પછીનું લક્ષ્ય એકાત્મક બંધારણ (સંઘવાદને દફનાવીને), હિન્દુત્વની વિચારધારા (બિનસાંપ્રદાયિકતાને ખતમ કરીને), આર્થિક મોડેલ તરીકે મૂડીવાદ (કલ્યાણકારી રાજ્યને દૂર કરીને) અને તબક્કાવાર એક પક્ષનું રાજ્ય (લોકશાહીને દફનાવીને) ઊભું કરવાનું છે. એક થાઓ અને હંફાવો વિપક્ષોએ મક્કમપણે ભાજપના પ્રયાસોને અટકાવવા જોઈએ. ભાજપ એક રૂઢીચુસ્ત ધ્રુવ બનશે. લોકતાંત્રિક, સંઘવાદ તથા બિનસાંપ્રદાયિક દેશ તરીકે ભારતને જાળવી રાખવા અન્ય રાજકીય વિચારધારા તથા વિકલ્પોની જાળવણી થવી જરૂરી છે. ૨૦૨૪માં આઈ. એન. ડી. આઈ. એ. જુથને આંશિક સફળતા મળી હતી, પરંતુ આ સફળતાને આગળ વધારવામાં જુથ નિષ્ફળ રહ્યું છે. આ જુથ સંઘર્ષ કરી રહ્યું હોવાનું અને ઠોકર ખાઈ રહ્યું હોવાનું જણાય છે, પરંતુ ભાજપને પડકાર આપવામાં તે જ એક માત્ર સાધન છે. ચૂંટણી બાદ, મમતા બેનરજીએ આઈ. એન. ડી. આઈ. એ. જુથને મજબૂત બનાવવાનું વચન આપ્યું છે. એમ. કે. સ્ટાલિને સદર જુથની વિરુદ્ધમાં કોઈ શબ્દોચ્ચાર કર્યા નથી. ભૂતકાળના નિવેદન (ભાજપ મારો વૈચારિક દૂશમન છે) તેના પરથી વિજય (ટીવીકે)ને સદર જુથમાં સમાવી લેવાનું શકય છે. આઈ. એન. ડી. આઈ. એ. જુથના ઘટક પક્ષોમાં મૂળભૂત મતભેદો છે તે હકીકત છે, પરંતુ આ મતભેદોને રાજ્ય સ્તર સુધી મર્યાદિત રાખવા રહ્યા અને રાષ્ટ્રીય સ્તર પર એકતા ઊભી કરવી રહી. આની માટે આવશ્યકતા છે તાકીદની ભાવના, સંવાદ અને દ્રઢતાની.

# મમતા બેનર્જી ફરીથી રાજકીય પાવર મેળવી શકશે?

ભારતીય રાજકારણમાં ત્રણ પ્રભાવશાળી મહિલાઓની ચર્ચા થાય છે. જય લલીતા, માયાવતી અને મમતા બેનર્જીની ગણના સૌથી વધુ શક્તિશાળી મહિલા રાજકારણી તરીકે થાય છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને જે રીતે હાર મળી છે એનાથી તેઓ હલી ગયા છે. હાર્યા છતા પણ રાજીનામું નહીં આપવાની એમની જીદે એમની ઈમેજ વધુ ખરાબ કરી છે. રાજકીય નીરિક્ષકો હવે ચર્ચા કરી રહ્યા છે કે શું મમતા બેનર્જી ફરીથી પશ્ચિમ બંગાળમાં એમનો પગદંડો જમાવી શકશે? પશ્ચિમ બંગાળમાં ફક્ત ટીએમસી પક્ષ નથી હાર્યો, પરંતુ મમતા બેનર્જી પણ ૧૫,૦૦૦ મતોથી હાર્યા છે. એમના શાસન દરમિયાન પશ્ચિમ બંગાળમાં ગુંડાઓને ખુલ્લું મેદાન મળ્યું હતું અને વિરોધીઓ પર હુમલાઓ થતા હતા. હિન્દુ મતોનું ધ્રુવીકરણ થયા પછી મમતા બેનર્જી માટે જીતવું મુશ્કેલ હતું. મમતા બેનર્જી હવે ગુમાવેલા હિન્દુ મતદારોને પોતાના તરફ કરી શકે તેમજ બંગાળના વિકાસની રૂપરેખા પ્રજા સમક્ષ લઈ જાય તો તેઓ ધીમે ધીમે ફરીથી રાજકીય ક્ષેત્રે પ્રભાવ પાડી શકશે. પશ્ચિમ બંગાળમાં બે ડેપ્યુટી સીએમ પણ સોગંદ લેશે પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવવા માટેની પ્રવૃત્તિ તેજ થઈ ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભાજપ વિધાયકદળની બેઠકમાં હાજર રહેવા કોલકત્તા પહોંચી ગયા હતા. શાહે ભાજપના તમામ ૨૦૬ ધારાસભ્યોને સંબોધન કર્યું હતું. જેમ મનાતું હતું એમ મનાય છે કે શુભેંદુ અધિકારી મુખ્યમંત્રી



જાહેર થયા છે. એમની સાથે બે ઉપમુખ્યમંત્રી પદ માટે પણ સોગંદ લેવડાવવામાં આવશે. રૂપા ગાંગુલીનું નામ ઉપમુખ્યમંત્રી તરીકે જાહેર થયું છે. જે રીતે શુભેંદુ અધિકારીએ સતત બે વખત મમતા બેનર્જીને હરાવ્યા છે એ કારણે બંગાળમાં તેઓ લોકપ્રિય છે. એક જમાનામાં શુભેંદુ અધિકારી મમતા બેનર્જીના ખાસ ગણાતા હતા. શુભેંદુ ૨૦૨૦ના ડિસેમ્બર મહિનામાં ભાજપમાં જોડાયા હતા. પશ્ચિમ બંગાળ સરકારમાં દિલીપ ઘોષ, અગ્ની મિત્રા પોલ, નિશિથ પ્રમાણીત, સ્વપનદાસ ગુપ્તા, શંકર ઘોષ, તાપસ રોય, અશોક ડીંડા અને ડો. રાજેશકુમારના નામ પણ મંત્રી બનવા માટે ચર્ચામાં છે. બંગાળ એસઆઈઆરમાં વળાંક, જજે ટ્રીબ્યુનલમાંથી રાજીનામું આપ્યું કલકત્તા હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ ટીએસ શિવગણનમએ એપીલેટ ટ્રીબ્યુનલમાંથી રાજીનામું આપ્યું છે. પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર હેઠળ લેવામાં આવેલા નિર્ણયો વિરુદ્ધ અપીલની સુનાવણી માટે એમની નિમણૂક થઈ હતી. આ ટ્રીબ્યુનલમાં ૧૯ રિટાયર્ડ જજોને નીમવામાં આવ્યા હતા. સુપ્રિમ કોર્ટે જસ્ટીસ શિવગણનમને મોતાબ શેખની અપીલ પર ખાસ સુનાવણી કરવાનું કહ્યું હતું. શેખ ઉપરાંત સુપ્રબુદ્ધ સેનની અપીલો પર પણ એમણે સુનાવણી કરવાની હતી. મોતાબ શેખ પાછળથી પરક્કા વિધાનસભાની ચૂંટણી જીતી ગયા હતા. કોર્ટે શેખ અને સેન સહિત બીજા અપીલ કરનારાઓની અરજી પર જલ્દી સુનાવણી કરવાનો હુકમ કર્યો હતો. આ અપીલો જસ્ટીસ શિવગણનમ પાસે મોકલવામાં આવી હતી. હવે એકાએક શિવગણનમએ ચીફ જસ્ટીસ પોલને પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનરને પણ સૂચના આપી દેવામાં આવી છે. યુસીસી અને વસ્તી નિયંત્રણ પર ભાગવતનું મોટું નિવેદન રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે વસ્તી નિયંત્રણની નીતિઓ તેમજ સમાન નાગરીક સંહિતા (યુસીસી) બાબતે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, આ બંને માટે જનસહિયોગ અને લાંબો વિચાર જરૂરી છે. મોહનના કહેવા પ્રમાણે જાતી આધારીત રાજકારણ ત્યારે જ પુરુ થશે જ્યારે સમાજ પોતાની જાતીગત ઓળખ આપવાનું બંધ કરશે.

# સતત સ્માર્ટફોન વાપરનારા વહેલુ ઘડપણ નોતરે છે

**, દિવસ દરમ્યાન કામ કરવામાં પરેશાની થાય છે તેમજ એકાગ્રતા, તર્ક અને નિર્ણય લેવાની ક્ષમતા માટે જવાબદાર મગજના હિસ્સામાં રહેલા કોર્ટિકલ નબળા પડે છે જે મગજના માળખાકીય ફેરફાર તરફ દોરી જઈ શકે. ચિંતાનો વધુ મહત્વનો વિષય છે પાચન તંત્રમાં રહેલા ગટ માઈક્રોબાયોમ તરીકે ઓળખાતા કરોડો બેક્ટેરિયા જે પ્રતિકાર શક્તિ, મૂડ અને એકંદર સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે.**

આ અસરની સૌથી ચિંતાજનક બાબત છે સ્માર્ટફોન, ટેબ્લેટ અને લેપટોપમાંથી નીકળતા વાદળી કિરણો વિશે. અભ્યાસોમાં પુષ્ટી થઈ છે કે રાત્રિના સમયે સ્માર્ટફોનના ઉપયોગ અને ઊંઘની ખરાબ ગુણવત્તા વચ્ચે સીધો સંબંધ છે. સૂતી વખતે લોકો જેટલી વધુ વાર સ્ક્રીન જોયા કરે છે તેટલી ઊંઘ વધુ ખરાબ થાય છે. નિર્દોષ લાગતા સોશિયલ મીડિયાના રીલ્સ હકીકતમાં ગંભીર શારીરિક તણાવ સર્જી શકે. સંશોધકોના મતે આ ક્ષતિ સવારે મહેસૂસ થતી થકાનથી ઘણી આગળ વધી શકે. બ્લ્યુ લાઈટના સંપર્કમાં આવવાથી ડેન્ડ્રિટિક સ્પાઈન્સ તરીકે ઓળખાતી ન્યુરોન્સ પર નાની સંરચનાઓમાં ઘટાડો થાય છે. આ સંરચનાઓ સ્મરણો બનાવવા અને સંગ્રહ કરવામાં સહાય કરે છે. આ સંરચના નબળી પડતા શીખવાની અને યાદ રાખવાની શક્તિમાં પણ ઘટાડો થાય છે. વિક્ષેપિત સકેર્ડિયન લય હતાશા, મગજ કુંઠિત થવા અને તંત્રિકા સંબંધિત વિકારો સાથે મજબૂત રીતે સંકળાયેલા ઈન્ટરલ્યુકીન-૬ અને ટયુમરનેક્રોસિસ ફેક્ટર-આલ્ફા જેવા સોજાના પરિબળોમાં વધારો કરે છે. વિજ્ઞાનીઓ આ સ્થિતિને ક્રોનિક ઈન્ટરનલ જેટ લેગ તરીકે ઓળખાવે છે જેમાં મગજની કુદરતી ઘડિયાળ સતત વિક્ષેપિત થાય છે. ઊંઘનો અભાવ એક સામાન્ય બાબત બની ગઈ છે, ખાસ કરીને યુવાનોમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. અભ્યાસો દર્શાવે છે કે લગભગ ૭૨.૭ ટકા ભારતીય વિદ્યાર્થીઓને સ્કૂલ દરમ્યાન આઠ કલાક કરતા ઓછી ઊંઘ મળે છે. મધ્યમ વયના પુખ્તો વિશેના ૨૦૨૪ના એક અભ્યાસમાં જણાવાયું કે છ કલાક કરતા ઓછી ઊંઘ લેનાર વ્યક્તિની સ્મરણશક્તિ, એકાગ્રતા અને સમજવાની ક્ષમતામાં સતત ઘટાડો થાય છે. લેન્સેટ કમિશને ઊંઘની આ સમસ્યાને ડીમેન્શિયા માટે ઊભરતા મુખ્ય પરિબળ તરીકે ગણાવી છે અને ઊંઘની ખરાબ ગુણવત્તાને હાઈપરટેન્શન તેમજ શારીરિક નિષ્ક્રિયતાના વર્ગમાં મૂકી છે. બ્રેન ઈમેજિસ અભ્યાસ અનુસાર દરરોજ બ્લ્યુ-લાઈટના ઉપકરણો સામે ચાર કલાકથી વધુ સમય વિતાવવાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે, દિવસ દરમ્યાન કામ કરવામાં પરેશાની થાય છે તેમજ એકાગ્રતા, તર્ક અને નિર્ણય લેવાની ક્ષમતા માટે જવાબદાર મગજના હિસ્સામાં રહેલા કોર્ટિકલ નબળા પડે છે જે મગજના માળખાકીય ફેરફાર તરફ દોરી જઈ શકે. ચિંતાનો વધુ મહત્વનો વિષય છે પાચન તંત્રમાં



રહેલા ગટ માઈક્રોબાયોમ તરીકે ઓળખાતા કરોડો બેક્ટેરિયા જે પ્રતિકાર શક્તિ, મૂડ અને એકંદર સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે. ૨૦૨૩માં 'ફ્રન્ટીઅર્સ ઈન માયક્રોબાયોલોજી'માં પ્રકાશિત થયેલા રિસર્ચ અનુસાર મોબાઈલ ફોન વ્યસન અને ગટ માયક્રોબાયોટા વૈવિધ્યતામાં ઘટાડા વચ્ચે મજબૂત સંબંધ છે. માયક્રોબાયલ વૈવિધ્યતામાં ઘટાડો કંગાળ સ્વાસ્થ્ય અને રોગ સામે વધુ અસહાયતાના સંકેત તરીકે વ્યાપકપણે માન્ય છે. ઊંઘમાં વિક્ષેપથી ડીસ્બાયોસિસ તરીકે ઓળખાતી સમસ્યા સર્જાય છે જેમાં શરીરની જરૂરી યંત્રણાને પ્રભાવિત કરતા ગટ બેક્ટેરિયામાં અસંતુલન થાય છે. એની સીધી અસર તરીકે પાચન તંત્ર અને મગજને જોડતા સંપર્ક નેટવર્કને નુકસાન થાય છે. શરીરનું ૯૦ ટકા સેરોટોનિન ગટમાં ઉત્પન્ન થતું હોવાથી ગટનું નબળુ સ્વાસ્થ્ય માનસિક સુખાકારીને પણ નોંધપાત્ર પ્રમાણમાં પ્રભાવિત કરી શકે છે. એનાથી તણાવ, ચિડયાપણુ, ખરાબ મૂડ અને સહનશક્તિમાં ઘટાડો થાય છે. વિડંબના એ છે કે માનસિક શાંતિ માટે લોકો જે ઉપકરણોનો ઉપયોગ કરે છે તેનાથી જ તેમની માનસિક શાંતિ હણાય છે. ડોક્ટરો આ બાબતને એક દુષ્ચક્ર તરીકે વર્ણવે છે. નબળી ઊંઘ તણાવ સર્જતા હોર્મોન ઉત્પન્ન કરે છે, તીવ્ર તણાવ ગટનું સ્વાસ્થ્ય બગાડે છે અને ગટની સમસ્યા ઊંઘ બગાડે છે. સ્માર્ટફોન આ ચક્રને વધુ ઈંધણ પૂરુ પાડે છે. સંશોધકો ચેતવણી આપે છે ગટનું ખરાબ સ્વાસ્થ્ય લીકી ગટ તરીકે ઓળખાતી સમસ્યા તરફ દોરી જાય છે જેમાં ખરાબ બેક્ટેરિયાના અવશેષો લોહીના પ્રવાહમાં ભળીને વ્યાપક સોજા સર્જે છે. એમઆરઆઈ અભ્યાસોથી સતત ડિજિટલ વપરાશની વધુ એક ચિંતાજનક અસર સામે આવી છે. સતત અનેક નોટિફિકેશનો અને એપ્સ જોયા કરવાથી મગજનું જોખમને પ્રતિસાદ આપતુ કેન્દ્ર નબળુ પડે છે. આ તમામ ચિંતાનજક શોધો છતાં સંશોધકો જણાવે છે કે આ નુકસાન ભરપાઈ ન થઈ શકે તેવું નથી. અભ્યાસો સૂચવે છે કે પ્રોબાયોટિક્સ, સ્વસ્થ આહાર, ઊંઘની સારી આદતો અને સ્ક્રીનનો ઓછો ઉપયોગ ગટ સંતુલન અને મગજની ઘટતી શક્તિને સુધારી શકે છે.

આ અસરની સૌથી ચિંતાજનક બાબત છે સ્માર્ટફોન, ટેબ્લેટ અને લેપટોપમાંથી નીકળતા વાદળી કિરણો વિશે. અભ્યાસોમાં પુષ્ટી થઈ છે કે રાત્રિના સમયે સ્માર્ટફોનના ઉપયોગ અને ઊંઘની ખરાબ ગુણવત્તા વચ્ચે સીધો સંબંધ છે. સૂતી વખતે લોકો જેટલી વધુ વાર સ્ક્રીન જોયા કરે છે તેટલી ઊંઘ વધુ ખરાબ થાય છે. નિર્દોષ લાગતા સોશિયલ મીડિયાના રીલ્સ હકીકતમાં ગંભીર શારીરિક તણાવ સર્જી શકે. સંશોધકોના મતે આ ક્ષતિ સવારે મહેસૂસ થતી થકાનથી ઘણી આગળ વધી શકે. બ્લ્યુ લાઈટના સંપર્કમાં આવવાથી ડેન્ડ્રિટિક સ્પાઈન્સ તરીકે ઓળખાતી ન્યુરોન્સ પર નાની સંરચનાઓમાં ઘટાડો થાય છે. આ સંરચનાઓ સ્મરણો બનાવવા અને સંગ્રહ કરવામાં સહાય કરે છે. આ સંરચના નબળી પડતા શીખવાની અને યાદ રાખવાની શક્તિમાં પણ ઘટાડો થાય છે. વિક્ષેપિત સકેર્ડિયન લય હતાશા, મગજ કુંઠિત થવા અને તંત્રિકા સંબંધિત વિકારો સાથે મજબૂત રીતે સંકળાયેલા ઈન્ટરલ્યુકીન-૬ અને ટયુમરનેક્રોસિસ ફેક્ટર-આલ્ફા જેવા સોજાના પરિબળોમાં વધારો કરે છે. વિજ્ઞાનીઓ આ સ્થિતિને ક્રોનિક ઈન્ટરનલ જેટ લેગ તરીકે ઓળખાવે છે જેમાં મગજની કુદરતી ઘડિયાળ સતત વિક્ષેપિત થાય છે. ઊંઘનો અભાવ એક સામાન્ય બાબત બની ગઈ છે, ખાસ કરીને યુવાનોમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. અભ્યાસો દર્શાવે છે કે લગભગ ૭૨.૭ ટકા ભારતીય વિદ્યાર્થીઓને સ્કૂલ દરમ્યાન આઠ કલાક કરતા ઓછી ઊંઘ મળે છે. મધ્યમ વયના પુખ્તો વિશેના ૨૦૨૪ના એક અભ્યાસમાં જણાવાયું કે છ કલાક કરતા ઓછી ઊંઘ લેનાર વ્યક્તિની સ્મરણશક્તિ, એકાગ્રતા અને સમજવાની ક્ષમતામાં સતત ઘટાડો થાય છે. લેન્સેટ કમિશને ઊંઘની આ સમસ્યાને ડીમેન્શિયા માટે ઊભરતા મુખ્ય પરિબળ તરીકે ગણાવી છે અને ઊંઘની ખરાબ ગુણવત્તાને હાઈપરટેન્શન તેમજ શારીરિક નિષ્ક્રિયતાના વર્ગમાં મૂકી છે. બ્રેન ઈમેજિસ અભ્યાસ અનુસાર દરરોજ બ્લ્યુ-લાઈટના ઉપકરણો સામે ચાર કલાકથી વધુ સમય વિતાવવાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે.

# ન્યાયાધીશ ખોટા હોઈ શકે પણ , દ્વારકાધીશ નહીં

**પૃથ્વી પરના ન્યાયાધીશ ભલે ગમે તેટલા વિદ્વાન હોય, પણ તે આખરે એક માણસ છે. માનવીય ન્યાય હંમેશા કાગળ, પુરાવા અને દલીલો પર ટકેલો હોય છે. જો સાક્ષી ફરી જાય અથવા પુરાવા સાથે છેડછાડ કરવામાં આવે, તો ન્યાયનું ત્રાજવું નમી શકે છે.**

જ્યારે દુનિયાની અદાલત થાકી જાય, ત્યારે દ્વારકાધીશ બેઠો છે

કહેવાય છે કે આ સંસારમાં માણસ બધું જ જીતી શકે છે, પણ ન્યાય મેળવવા માટે તેને ઘણીવાર વલખાં મારવા પડે છે. ઘણીવાર નિર્દોષ વ્યક્તિ સજા ભોગવે છે અને ગુનેગાર આઝાદ ફરે છે. આવા સમયે એક જ વાક્ય હિંમત આપે છે

કાનુન આંધળો હોઈ શકે પણ કાનુડો નહીં

પૃથ્વી પરના ન્યાયાધીશ ભલે ગમે તેટલા વિદ્વાન હોય, પણ તે આખરે એક માણસ છે. માનવીય ન્યાય હંમેશા કાગળ, પુરાવા અને દલીલો પર ટકેલો હોય છે. જો સાક્ષી ફરી જાય અથવા પુરાવા સાથે છેડછાડ કરવામાં આવે, તો ન્યાયનું ત્રાજવું નમી શકે છે. કાયદો આંધળો હોઈ શકે છે કારણ કે તે માત્ર તે જ જુએ છે જે તેને બતાવવામાં આવે છે.

દ્વારકાધીશનો ન્યાય અંતિમ અદાલત ભગવાન શ્રીકૃષ્ણ એટલે કે દ્વારકાધીશ એ બ્રહ્માંડના સર્વોચ્ચ ન્યાયાધીશ છે. તેમની અદાલતમાં કોઈ વકીલ કે પુરાવાની જરૂર પડતી નથી.તે ઈરાદો જુએ છે. માણસ શું કરે છે તેના કરતાં તે કયા ભાવથી કરે છે, તે દ્વારકાધીશ જુએ છે.કર્મનું વિધાન માણસ કદાચ દુનિયાની નજરમાંથી બચી શકે, પણ કર્મના કાયદામાંથી ક્યારેય બચી શકતો નથી.

ભગવાનનો ન્યાય કદાચ તત્કાલ ન દેખાય, પણ જ્યારે સમયનું ચક્ર ફરે છે ત્યારે સત્ય આપોઆપ બહાર આવે છે.

દ્રૌપદીના ચીરહરણનો પ્રસંગ

જ્યારે કૌરવોની સભામાં ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય અને ધૃતરાષ્ટ્ર જેવા મોટા મોટા મહારથીઓ (જે તે સમયના ન્યાયાધીશો સમાન હતા) મૌન રહ્યા અને ન્યાય કરવામાં નિષ્ફળ ગયા, ત્યારે દ્રૌપદીએ અંતે દ્વારકાધીશને યાદ કર્યા.

દુનિયાની અદાલતે જે સ્ત્રીને એકલી મૂકી દીધી હતી, તેને દ્વારકાધીશે ન્યાય અપાવ્યો અને અન્યાય કરનારા કૌરવોના વિનાશનો પાયો નાખ્યો. આ સાબિત કરે છે કે જ્યારે માણસ હારી જાય છે, ત્યારે



ઈશ્વર ન્યાય કરે છે.માણસની અદાલતમાં સત્ય સાબિત કરવું પડે છે, જ્યારે ઈશ્વરની અદાલતમાં સત્ય જ સ્વીકારાય છે.

કર્મનો હિસાબ રાખવો પડતો નથી, કારણ કે જગતનો જે માલિક છે એ ભૂલ કરતો નથી.

ભગવાનના ઘરે મોડું છે, પણ અંધેર નથીજો તારું પાત્ર ચોખ્ખું છે તો તારો ન્યાય પાકો છે

આ પંક્તિ આપણને જીવનમાં બે વાતો શીખવે છે જો તમારી સાથે અન્યાય થયો હોય તો ગભરાશો નહીં, કારણ કે ઉપરવાળો બધું જુએ છે. અને જો તમે કોઈની સાથે અન્યાય કરી રહ્યા હોવ, તો ચેતી જજો, કારણ કે તેની લાકડીમાં અવાજ નથી હોતો પણ ફટકો બહુ જોરદાર હોય છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ) સ્પોર્ટ્સ ટીચર.**

પાક્કો ગુજરાત

બુધવાર I 13 મે 2026 I અમદાવાદ

### કચ્છના દરિયાકાંઠે જાસૂસીનું મોટું ષડયંત્ર?

# ડ્રોનનો કાટમાળ અને શંકાસ્પદ ASI સિસ્ટમ મળી આવતા ખળભળાટ મચ્યો

■ સીમાવર્તી વિસ્તારમાં રહસ્યમય ડ્રોનના અવશેષો મળતા અનેક તર્ક-વિતર્ક, પાકિસ્તાની કનેક્શનની આશંકા



ભુજ

દેશની સરહદના રખેવાળ ગણાતા કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અબડાસા અથવા લકી નાળા જેવા સંવેદનશીલ વિસ્તારના દરિયાકાંઠેથી હાઈટેક ડ્રોનનો કાટમાળ અને તેમાં લાગેલી શંકાસ્પદ ASI (Automatic Identification System) જેવી સિસ્ટમ મળી આવતા સુરક્ષા એજન્સીઓના કાન સરવા થયા છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, સીમા સુરક્ષા દળ (BSF) અથવા સ્થાનિક મરીન પોલીસના પેટ્રોલિંગ દરમિયાન દરિયાના મોજાં સાથે તણાઈ આવેલો ડ્રોનનો કાટમાળ જોવા મળ્યો હતો.

હાઈટેક ઉપકરણો: આ કાટમાળમાં અત્યાધુનિક કેમેરાના ભાગો અને સિગ્નલ ટ્રાન્સમિટ કરી શકે તેવી ASI સિસ્ટમ જોવા મળી છે.

આશંકા: આ ડ્રોનનો ઉપયોગ ભારતીય જળસીમાની જાસૂસી કરવા માટે અથવા ડ્રગ્સ-હથિયારોની હેરાફેરીના રૂટ નક્કી કરવા માટે કરવામાં આવ્યો હોવાની પ્રબળ શક્યતા છે.

રીતે ASI (Automatic Identification System) નો ઉપયોગ જહાજોની ઓળખ અને લોકેશન ટ્રેક કરવા માટે થાય છે. પરંતુ ડ્રોનમાં આવી સિસ્ટમનો ઉપયોગ:

ટ્રેકિંગ: ભારતીય કોસ્ટ ગાર્ડ કે નેવીના જહાજોના લોકેશન જાણવા માટે થઈ શકે છે.

ડેટા ચોરી: દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાનો લાઈવ ડેટા સરહદ પાર મોકલવા માટે હોઈ શકે છે.

ક્રેશ લેન્ડિંગ: શક્ય છે કે ટેકનિકલ ખામીને કારણે દુશ્મન દેશનું આ ડ્રોન ક્રેશ થઈને ભારતીય સીમામાં પડ્યું હોય.

ઘટનાની ગંભીરતા જોતા આર્મી ઈન્ટેલિજન્સ, મરીન પોલીસ અને એરફોર્સના નિષ્ણાતો દ્વારા કાટમાળની તપાસ કરવામાં આવી રહી છે.

ફોરેન્સિક તપાસ: ડ્રોન કયા દેશમાં બન્યું છે અને તેમાં કયા પ્રકારનો ડેટા સ્ટોર થયેલો છે તે જાણવા માટે તેને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવી શકે છે.

સર્ચ ઓપરેશન: આસપાસના દરિયાઈ વિસ્તારોમાં અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ કે હિલચાલ તો નથી ને, તે માટે સઘન સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

### સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી ધન્યતા અનુભવી

# કેન્દ્રીય પ્રવાસન મંત્રી અને રાજ્યમંત્રી સુરેશ ગોપીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની લીધી મુલાકાત

રાજપીપળા

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આયોજિત "વૈશ્વિક ધોરણોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસ" વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળામાં સહભાગી થયેલા કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી સુરેશ ગોપીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ રાષ્ટ્રનાયક લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

બંને મંત્રીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે સરદાર સાહેબના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેઓ વ્યુઈંગ ગેલેરી સુધી પહોંચ્યા હતા અને ત્યાંથી સરદાર સરોવર નર્મદા ડેમ, આસપાસના



પર્વતીય વિસ્તાર અને નર્મદા નદીના મનોહર દ્રશ્યોનું અવલોકન કરી એકતાનગરમાં વિકસિત થયેલી વિશ્વસ્તરીય પર્યટન સુવિધાઓની પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિઝિટર બુકમાં પોતાના ભાવ વ્યક્ત કરતાં લખ્યું હતું કે, "ભારતની એકતાના સૂત્રધાર, રિયાસતોના વિખેરાયેલા મોતીને એક સૂત્રમાં ગૂંથી મા ભારતીના કંઠનો હાર બનાવનાર મહામાનવની વિશ્વની સર્વોચ્ચ પ્રતિમાનું નિર્માણ માનનીય નરેન્દ્રભાઈ મોદીજીના માધ્યમથી કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી અર્પિત થયેલું શ્રદ્ધાસુમન છે. આ પ્રેરણાસ્થળના માત્ર દર્શન જ રાષ્ટ્ર પ્રત્યે સમર્પણની અદભૂત પ્રેરણા જાગૃત કરે છે. આ વિચારના અધિષ્ઠાતાને અભિનંદન. મહામાનવને શ્રદ્ધાના સુમન." કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી સુરેશ ગોપીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ એવા મહામાનવ હતા જેમણે સમગ્ર ભારતવર્ષના નાગરિકો અને ભાવી પેઢી માટે એકતા અને અખંડિતતાનું સ્વપ્ન જોયું હતું અને તેને સાકાર પણ કર્યું હતું. તેમણે ભારતને એકતાના અખંડ સૂત્રમાં બાંધવાનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું, જેના માટે સમગ્ર રાષ્ટ્ર સદૈવ ઋણી રહેશે.

### ટ્રક ચાલક અકસ્માત સર્જી ટ્રક મૂકી ફરાર

# ઝઘડિયાના ગોવાલી ગામે હાઈવા ટ્રકની અડફેટે રાહદારીનું મોત નિપજ્યું

અંકલેશ્વર

ઝઘડિયાના ગોવાલી ગામ ના બસ સ્ટેન્ડ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં હાઈવા ટ્રક ની ટક્કરે એક રાહદારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.ત્યારે સ્થાનિકોએ માર્ગ પર તાત્કાલિક સ્પીડ બ્રેકર અને ટ્રાફિક નિયંત્રણની માંગ ઉઠાવી છે. ઝઘડિયાના ગોવાલી ગામના બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહેલા રાહદારી કિરણ ગીરીશભાઈ વસાવા ને કાળ બનીને



આવેલી એક હાઈવા ટ્રકે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો .અકસ્માત માં કિરણ વસાવા ને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારે ટ્રક ચાલક અકસ્માત સર્જી ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો અકસ્માત ના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્પીડ બ્રેકર ન હોવાને કારણે ભારે વાહનો બેફામ ગતિએ પસાર થાય છે ઉપરાંત .સ્થાનિકોના જણાવ્યા અનુસાર મુલદથી નાનાસાંજા ફાટક સુધીના માર્ગ પર એકપણ સ્પીડ બ્રેકર નથી, જેના કારણે ભારે વાહનો બેફામ ગતિએ દોડતા રહે છે.

### જીવનદાયી સેવાઓને સલામ

# વિશ્વ નર્સિંગ દિવસની ઝાલોદમાં ભાવભીની ઉજવણી

દાહોદ

વિશ્વભરમાં દર વર્ષે 12 મેના રોજ "વિશ્વ નર્સિંગ દિવસ" ઉજવવામાં આવે છે. આધુનિક નર્સિંગ વ્યવસાયની સ્થાપક ગણાતી ફ્લોરેન્સ નાઈટિંગેલ ના જન્મદિવસ નિમિત્તે આ દિવસ ઉજવાય છે. નર્સોના નિઃસ્વાર્થ સેવા, સમર્પણ અને આરોગ્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાનને બિરદાવવા આ દિવસ ખાસ ઉજવવામાં આવે છે.

આ વર્ષનું આંતરરાષ્ટ્રીય થીમ "Our Nurses. Our Future. Caring for nurses strengthens economies" રાખવામાં આવ્યું છે, જે નર્સોના આરોગ્ય,



સન્માન અને કલ્યાણના મહત્વને ઉજાગર કરે છે. ઝાલોદ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા દશામાં નર્સિંગ કોલેજ અને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે વિશ્વ નર્સિંગ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બ્રહ્મા કુમારીઝ ઝાલોદના સંચાલિકા મીતા દીદી ઉપસ્થિત રહ્યા હતા અને નર્સિંગ ભાઈઓ તથા બહેનોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. મીતા દીદીએ જણાવ્યું હતું કે, "જીવનદાયીની અને સુખદાયીની નર્સોને કહેવાય છે. નર્સ એ આરોગ્ય સેવા પૂરી પાડતી ભુજાઓ છે." તેમણે કહ્યું કે માનવી એ ઈર્ષા અને આવેશથી ઉપર ઉઠીને એકબીજાના આરોગ્ય માટે કાર્ય કરવું જોઈએ. મનમાં ત્યાગ, પ્રેમ, દયા અને લાગણી હોવી જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે માનવીએ પોતાની સહનશક્તિ વિકસાવવી જોઈએ અને ખોટી-ખરી વાતોને સહન કરતાં શીખવું જોઈએ. સાચી ત્યાગમૂર્તિ તો નર્સો છે. કોઈપણ દર્દીને પ્રેમથી દવા આપશો તો દર્દી ઝડપથી સાજો થશે અને તેના આશીર્વાદ તથા દુઆઓ પ્રાપ્ત થશે. "જેવું આપશો તેવું મળશે" એ જીવનનું સત્ય છે.

મીતા દીદીએ જણાવ્યું હતું કે દરેક દર્દીની મનઃસ્થિતિ અલગ હોય છે. દર્દીઓ સાથે સતત પ્રેરણાદાયી સંબંધો રાખવાથી તેઓમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. દરેક દર્દી માટે સારા વિચારો રાખી તેમના આરોગ્ય માટે પ્રાર્થના કરવી એ પણ એક શ્રેષ્ઠ સેવા છે.

### લક્ઝરી બસ ડિવાઈડર કૂદી ટ્રક સાથે અથડાઈ

# મહેસાણા-ઊંઝા હાઈવે પર મધરાતે મોતના તાંડવ જેવો અકસ્માત : 2ના મોત, 13 લોહીલુહાણ

મહેસાણા

મહેસાણા-રાજસ્થાન હાઈવે પર મોડી રાત્રે કાળમુખો અકસ્માત સર્જાયો છે. મોટી દાઉ ગામ પાસે એક બેકાબૂ લક્ઝરી બસ ડિવાઈડર કૂદીને સામેની સાઈડમાં ધસી આવતા અને ટ્રક સાથે ધડાકાભેર અથડાતા ૨ મુસાફરોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૩ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થતા હાઈવે લોહીથી ખરડાયો હતો.

આ દુર્ઘટના મોડી રાત્રે અંદાજે ૩ વાગ્યાની આસપાસ ઘટી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે લક્ઝરી બસ ટ્રક સાથે અથડાયા બાદ સીધી રોડની સાઈડમાં આવેલી ઝાડીઓમાં ઘૂસી ગઈ હતી. બસમાં



સવાર મુસાફરો ગાઢ નિદ્રામાં હતા ત્યારે જ અચાનક થયેલા આ ધડાકાથી ચીસાચીસ મચી ગઈ હતી.

એક ટ્રક (રાજપીપળાથી કેળા ભરીને જોધપુર તરફ જતી હતી) વહેલી સવારે મહેસાણા હાઈવે પરથી પસાર થઈ રહી હતી.

સામેથી અમદાવાદ તરફ જતી લક્ઝરી બસના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો.

બસ ડિવાઈડર કૂદીને રોંગ સાઈડમાં આવી ગઈ હતી અને સામેથી આવતી ટ્રક સાથે સીધી અથડાઈ હતી.

'હું મારી સાઈડમાં જતો હતો, પણ અચાનક બસ ડિવાઈડર તોડીને મારી સામે આવી ગઈ. મને સંભાળવાની તક જ ન મળી.' - તુલસીરામ (ટ્રક ચાલક)

અકસ્માતનો અવાજ સાંભળીને મોટી દાઉ ગામના લોકો અને હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી.

મોત: ૨ મુસાફરો (ઘટના સ્થળે જ દમ તોડ્યો) ઈજાગ્રસ્ત: ૧૩ મુસાફરો (તમામને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે) અકસ્માતને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. બસ ઝાડીઓમાં ઘૂસી ગઈ હોવાથી મુસાફરોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

### તંત્રની ઘોર બેદરકારી

# વઢવાણાની કેનાલોના 4 કરોડ કાગળ પર જ રહી ગયા?

## સર્વે થયો, માપણી થઈ, પણ 4 વર્ષે એક ઈંટ પણ ન મુકાઈ; 22 ગામના ખેડૂતો પાયમાલ થવાને આરે

ડભોઇ

ડભોઇ તાલુકાના વઢવાણા વિસ્તારના ખેડૂતો માટે જે કેનાલો આશીર્વાદ સમાન ગણાતી હતી, તે આજે તંત્રની ઉદાસીનતાને કારણે અભિશાપ બની ગઈ છે. ચોંકાવનારી વિગત એ છે કે, 4 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ મંજૂર થયાને ચાર વર્ષ વીતી ગયા હોવા છતાં, જમીન પર હજુ સુધી કામગીરીનું નામોનિશાન નથી.

વઢવાણા તળાવમાંથી નીકળતી 5 અલગ-અલગ ઝોનની કેનાલો આસપાસના 22 ગામોની જીવાદોરી છે. 4 વર્ષ પહેલાં આ કેનાલોના નવીનીકરણ માટેનો સર્વે અને માપણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. બજેટ ફાળવાયું હોવાના દાવા પણ થયા, પરંતુ આજે ચાર વર્ષ પછી પણ એક ઈંટ ન મુકાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



હાલની કેનાલોની સ્થિતિ જોતા એવું લાગે છે કે તે ગમે ત્યારે ધરાશાયી થઈ જશે:

ભારે લીકેજ: કેનાલો ઠેર-ઠેરથી તૂટેલી હોવાથી પાણીનો ભયંકર વેડફાટ થાય છે.

છેવાડાના ખેડૂતો વંચિત: જર્જરિત હાલતને કારણે કેનાલનું પાણી છેવાડાના ખેતરો સુધી પહોંચતું જ નથી.

પાકને નુકસાન: ચોમાસામાં તૂટેલી પાળને કારણે પાણી ખેતરોમાં ફરી વળે છે, જેનાથી ખેડૂતોનો તૈયાર પાક નાશ પામે છે.

ખેડૂતોનો વેધક સવાલ: શું આ 4 કરોડ રૂપિયા કાગળ પર જ વપરાઈ ગયા? આ પ્રશ્ન આજે વઢવાણા પંથકના પ્રત્યેક ખેડૂતના મુખે છે.

અત્યારે ઉનાળાની સીઝન છે અને ખેતી માટે પાણીની તાતી જરૂરિયાત છે. જો આગામી ચોમાસા પહેલા રિપેરિંગ અથવા નવી કેનાલનું કામ શરૂ કરવામાં નહીં આવે, તો 22 ગામના ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવશે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સરકાર અને સિંચાઈ વિભાગને સવાલ પૂછે છે કે, શું ખેડૂતોની આ વેદના ગાંધીનગર સુધી પહોંચશે? કે પછી દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતોએ નસીબના જોરે જ ખેતી કરવી પડશે?


### વડોદરા શહેરમાં ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા

# GSTના એડિશનલ કમિશનરના ડુપ્લિકેટ ચાવીથી તાળું ખોલી ઘરમાંથી 5.40 લાખના દાગીનાની ચોરી

વડોદરા

વડોદરાના ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા જીએસટીના એડિશનલ કમિશનરના ઘરમાંથી આશરે રૂ.5.40 લાખના સોનાના દાગીનાની ચોરી થયાનો મામલો સામે આવ્યો છે. અધિકારીની પત્નીએ પોતાના પતિના ડ્રાઈવર તથા એક અજાણ્યા શખ્સ સામે ચોરી કર્યાની શંકા વ્યક્ત કરી છે. લક્ષ્મીપુરા પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના ન્યુ અલકાપુરી વિસ્તારમાં યુટોપીયન કોર્નરમાં રહેતા કનુપ્રિયા અરુણકુમાર સુરેશરામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પતિ સુભાનપુરા સ્થિત GST ભવનમાં એડિશનલ કમિશ્નર તરીકે ફરજ





બજાવે છે. પતિને લેવા-મુકવા માટે આવતો ડ્રાઈવર રાજેન્દ્ર નગીન પટેલ પરિવારના સંપર્કમાં હતો અને ઘરની અંદરની કઈ વસ્તુ ક્યાં મૂકી છે તેની માહિતીથી પણ આ ડ્રાઈવર પરિચિત હતો. નવેમ્બર-2024 દરમિયાન પરિવાર ઉત્તરપ્રદેશ ગયો હતો, ત્યારે ઘરમાં રિનોવેશનનું કામ ચાલતું હોવાથી ઘરની ચાવી ડ્રાઈવર રાજેન્દ્ર પટેલને સોંપવામાં આવી હતી. તે દરમિયાન ઘરની તિજોરીમાં સોનાના દાગીના રાખવામાં આવતા હતા. પરિવાર બહારગામ જતો રહેતા અને પરત ફર્યા બાદ તિજોરીમાં રાખેલા દાગીના ધીમે ધીમે ગાયબ થવા લાગ્યા હતા. શરૂઆતમાં પરિવારજનોએ શોધખોળ ન કરતા મામલો ગંભીર બન્યો હતો. બાદમાં એક પછી એક દાગીના ઓછા થતા શંકા મજબૂત બની હતી. થોડા દિવસો પહેલા ઘરમાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ તા.10 મેના રોજ સવારે આશરે 10 વાગ્યે ડ્રાઈવર રાજેન્દ્ર પટેલ એક અજાણ્યા વ્યક્તિ સાથે ઘેર આવ્યો હતો અને ડુપ્લિકેટ ચાવી વડે દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. બંને શખ્સો તિજોરી સુધી પહોંચ્યા હોવાનું CCTVમાં દેખાતું હતુ. ચોરી થયેલા દાગીનામાં સોનાનું બ્રેસલેટ, ચેઈન, પેન્ડલ, બંગડી, ટિકો, નથણી, બુટ્ટી તથા ડાયમંડ અને સોનાની વીંટીઓ સહિત આશરે 180 ગ્રામ સોનાના દાગીનાની કિંમત અંદાજે રૂ.5.40 લાખ થાય છે.

### મુખ્ય આરોપીઓ સ્થળ છોડીને ફરાર

# વડોદરા શહેરમાં વડસરની ગોચર વિસ્તારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## વડસરમાં ખુલ્લેઆમ ચાલી રહેલા વિદેશી દારૂના વેચાણ પર એસએમસીની ટીમે રેડ પાડી

વડોદરા

સમગ્ર કાર્યવાહી બાદ ફરી એકવાર માંજલપુર પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા

શહેરના વડસર વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે વડસર ગામના ગોચર વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલી રહેલા વિદેશી દારૂના વેચાણ પર એસએમસીની ટીમે રેડ પાડી હતી. કાર્યવાહી દરમિયાન આશરે 35થી 40 પેટી જેટલો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.વડસર ગામના ગોચર વિસ્તારમાં લાંબા સમયથી વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપાર ચાલી રહ્યો હોવાની બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલને મળી હતી. જેના આધારે ટીમે વોચ ગોઠવી અચાનક દરોડો પાડતા સ્થળ પરથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જોકે, રેડ પડતા જ મુખ્ય આરોપીઓ સ્થળ છોડીને ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે.આ સમગ્ર કાર્યવાહી બાદ ફરી એકવાર માંજલપુર પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિક સ્તરે



ખુલ્લેઆમ દારૂનું વેચાણ ચાલી રહ્યું હોવા છતાં સ્થાનિક પોલીસ અજાણ હતી કે પછી આંખ આડા કાન કરી રહી હતી તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.હાલ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.





### સિગ્નેચર સોફ્ટ-ગ્લેમ મેકઅપ અને બન હેરસ્ટાઈલમાં ફ્રાન્સ ઘેલું કર્યું

# કાનની 'પ્રિન્સેસ' બની આલિયા ભટ્ટ! ડિઝની 'પ્રિન્સેસ' લુક પર ફેન્સ ફિદા,

મુંબઈ

79માં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આલિયા ભટ્ટનું શાનદાર આગમન થઈ ચૂક્યું છે. ગઈકાલે સાંજે એરપોર્ટ પર સ્ટાઈલિશ બ્લેઝર લુકમાં દેખાયા બાદ, આજે બપોરે આલિયા હોટલ માર્ટિનેઝની બહાર પોતાના પ્રથમ ગ્લેમરસ લુકમાં જોવા મળી હતી. આલિયાનો આ લુક કોઈ ડિઝની મૂવીના પાત્ર જેવો જાદુઈ લાગી રહ્યો છે. કાનના પ્રિ-ફોટોશૂટમાં 'રાહા' જેવા નખરાં! આ ગ્લેમરસ લુકની સાથે આલિયાની મસ્તીભરી અદાઓ. ફોટોશૂટ દરમિયાન આલિયાનો મૂડ ખૂબ જ રમતિયાળ જોવા મળ્યો હતો. આલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર કાનમાં તેના લુકની તસવીરો શેર કરી. શેર કરેલી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા ચાહકોને ફ્રેન્ચ રિવેરાની તેની સફરની સ્ટાઈલિશ ઝલક આપી. કેવો છે આલિયાનો 'પ્રિન્સેસ' લુક? આલિયા ભટ્ટે આ વર્ષના કાન ફેસ્ટિવલ માટે એક સુંદર ડ્રીમી બોલ ગાઉન પસંદ કર્યું છે. આ ડ્રેસની વિશેષતાઓ નીચે મુજબ છે: ડિઝાઈન: સ્લિમ સ્ટ્રેપ્સ અને કમરથી ઘેરાવાળો બોલ ગાઉન આલિયાને એક પરફેક્ટ 'ફેરીટેલ' લુક આપે છે. તેનું સ્ટ્રક્ચર્ડ કોર્સેટ-સ્ટાઈલનું બોડિસ તેને ક્લાસિક ટચ આપે છે. કલર પેલેટ: આલિયાએ પલ બ્લૂ, સેજ ગ્રીન અને ઓફ-વ્હાઈટ જેવા સોફ્ટ કલરની પસંદગી કરી છે, જે ખૂબ જ આકર્ષક લાગે છે. ડિટેલિંગ: ગાઉન પર બોટનિકલ મોટિફ્સ અને વાદળોની છાપ જેવું હેન્ડ-પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે, જે આખા લુકને એક અનોખો લુક આપે છે. મેકઅપ અને એક્સેસરીઝ આલિયાએ આ લુક સાથે પોતાનો સિગ્નેચર સોફ્ટ-ગ્લેમ મેકઅપ રાખ્યો છે. તેના વાળને ખૂબ જ સરસ રીતે 'બન'માં સ્ટાઈલ કરવામાં આવ્યો છે, જે તેના ચહેરાને ક્લીન ફિનિશ આપે છે. તેણે વ્હાઈટ કલરના ઓપન-ટો કિટન હીલ્સ અને મિનિમલ ડાયમંડ જ્વેલરી પહેરીને પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન (Cannes) 12થી 23 મે દરમિયાન ફ્રાન્સમાં યોજાઈ રહ્યો છે. દેશ-દુનિયાની ઘણી મોટી હસ્તીઓ કાનના ભવ્ય રેડ કાર્પેટ પર પોતાના સ્ટાઈલની છાપ છોડવાનો પ્રયત્ન કરશે.

# ગુજરાતી સિનેમાની સીમાચિહ્ન ફિલ્મ 'લાલો-કૃષ્ણ સદા સહાયતા' હવે કાન ફિલ્મ 2026માં ચમકશે

### ટ્રક સાથે કાર અથડાતા ગમખ્વાર અકસ્માત; 'બિગ બોસ' ફેમ આશુ રેડ્ડીએ દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈ

વર્ષ 2025 ભારતીય સિનેમા અને બોક્સ ઓફિસ રેકોર્ડ માટે એક નોંધપાત્ર અને રોમાંચક વર્ષ હતું. ત્યાં એક ભક્તિમય ફિલ્મ રિલીઝ થઈ હતી, જેને બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યા હતા. હવે, 2025ની આ ફિલ્મ 2026માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ચમકવા માટે તૈયાર છે. ચાલો તમને તે ફિલ્મ વિશે જણાવીએ. Cannes 2026માં ચમકશે ફિલ્મ આપણે જે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ તે છે "લાલો - કૃષ્ણ સદા સહાયતા," જે ગુજરાતી સિનેમામાં એક સીમાચિહ્ન છે. હવે, આ ફિલ્મ 2026માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેના માર્કેટ પ્રીમિયર માટે તૈયાર છે. અંકિત સખિયા દ્વારા દિગ્દર્શિત, "લાલો - કૃષ્ણ સદા સહાયતા" નું




કાન્સમાં ખાસ પ્રીમિયર થશે. ફિલ્મના નિર્માતાઓએ આ વાતનો ખુલાસો કર્યો છે. "લાલો - કૃષ્ણ સદા સહાયતા" ના નિર્માતાઓએ એક આમંત્રણ પોસ્ટર શેર કર્યું છે, જેમાં સ્પષ્ટ લખેલું છે કે, "તમને આમંત્રણ છે." પોસ્ટરમાં "લાલો"ને એક દિવ્ય બ્લોકબસ્ટર ગુજરાતી ફિલ્મ તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે. તેમને કેપ્શન પણ લખ્યું કે, "આ ફક્ત એક સ્ક્રીનિંગ નથી; તે સંસ્કૃતિ, સિનેમા અને શ્રદ્ધાનો ઉત્સવ છે. પ્રખ્યાત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન "લાલો - કૃષ્ણ સદા સહાયતા" ના માર્કેટ સ્ક્રીનિંગ માટે અમારી સાથે જોડાઓ કારણ કે અમે ગુજરાતની ભાવનાને વૈશ્વિક મંચ પર લાવી રહ્યા છીએ. અમને તમારી સાથે આ ખાસ ક્ષણની ઉજવણી કરવાનો સન્માન મળશે."

# અલ્લુ અર્જુનની 'પ્રોપર્ટી' કહેતા એક્ટ્રેસ ભડકી

### સીરત કપૂરે સુપરસ્ટાર સાથે પ્રાઇવેટ જેટનો ફોટો મૂકતા યુઝરે અશ્લીલ કમેન્ટ કરી

મુંબઈ

સાઉથ એક્ટ્રેસ સીરત કપૂરે સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથેનો ફોટો શેર કર્યો હતો, જેના પર એક વ્યક્તિએ અશ્લીલ ટિપ્પણી કરી હતી. હવે ભડકેલી એક્ટ્રેસે યુઝરને બરાબરનો ઠપકો આપ્યો છે. અલ્લુ અર્જુનના બર્થ ડે પર પોસ્ટ કરેલા ફોટો પર વિવાદ ખરેખરમાં, 8 માર્ચે સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુને તેનો 44મો જન્મદિવસ ઉજવ્યો. આ દિવસે સીરત કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અલ્લુ અર્જુન સાથેના કેટલાક ફોટો શેર કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ફોટોમાં તે અલ્લુ અર્જુન સાથે પ્રાઈવેટ જેટમાં બેઠેલી જોવા મળી રહી હતી. પ્રાઈવેટ જેટની તે તસવીરો ચર્ચામાં રહી હતી. હવે તાજેતરમાં સીરતે પોતાની સિંગલ તસવીર શેર કરી, જેમાં તે બોલ્ડ લુકમાં જોવા મળી છે. જ્યાં ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ તસવીરના વખાણ કરી રહ્યા હતા, ત્યાં એક વ્યક્તિએ લખ્યું, 'અલ્લુ અર્જુનની પ્રોપર્ટી.' આ અશ્લીલ કમેન્ટ સાથે તે વ્યક્તિએ એક ઈમોજી પણ કમેન્ટ કરી, જેમાં આંખોમાં દિલ બનેલું હતું. સામાન્ય રીતે સેલેબ્સ આવી કોમેન્ટ્સને અવગણે છે, પરંતુ સીરતે કોમેન્ટ પર ગુસ્સે થઈને જવાબ આપતા લખ્યું, 'માત્ર કોઈ ઈમોજી ઉમેરવાથી વાત સન્માનજનક નથી બની જતી સર. કોઈપણ મહિલા કોઈની પ્રોપર્ટી નથી હોતી. તેની પોતાની ઓળખ, પોતાના સપના અને પોતાનો અવાજ હોય છે. વખાણ કરો, પરંતુ માલિકી હક જતાવીને નહીં. ભગવાન તમારું ભલું કરે.' નોંધનીય છે કે, સાઉથ એક્ટ્રેસ સીરત કપૂર અવારનવાર અન્ય સેલેબ્સ સાથે તસવીરો પોસ્ટ કરતી રહે છે. બર્થડે સિવાય પણ તેણે અલ્લુ અર્જુન સાથે કેટલીક તસવીરો પોસ્ટ કરી હતી. સીરત કપૂર એક ભારતીય એક્ટ્રેસ, કોરિયોગ્રાફર અને મૉડલ છે. તેણે 2014ની તેલુગુ ફિલ્મ 'રન રાજા રન'થી એક્ટિંગની શરૂઆત કરી હતી. ત્યારબાદ તે બોલિવૂડ ફિલ્મ 'ઝિદ'માં જોવા મળી હતી. સીરત 2023ની સિરીઝ 'સેવ ધ ટાઈગર્સ' અને 2024ની ફિલ્મ 'ભામાકલ્પમ 2'માં જોવા મળી હતી.



# વિજયના શપથગ્રહણમાં ત્રિશાની હાજરી પર ભડકી સિંગર

### ત્રિશાની વિજયના સીએમ પદના શપથગ્રહણ સમારોહમાં હાજરીની સખત ટીકા કરી અને સિંગર સુચિત્રાએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ત્રિશા કૃષ્ણનની નિંદા કરતા અનેક પોસ્ટ શેર કરી છે.

મુંબઈ

થલાપતિ વિજય સાથે નામ જોડાવાને કારણે ચર્ચામાં રહેલી ત્રિશા કૃષ્ણન પર સાઉથ સિંગરે નિશાન સાધ્યું છે. તેણે ત્રિશાની વિજયના સીએમ પદના શપથગ્રહણ સમારોહમાં હાજરીની સખત ટીકા કરી અને સિંગર સુચિત્રાએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ત્રિશા કૃષ્ણનની નિંદા કરતા અનેક પોસ્ટ શેર કરી છે. તેણે એક ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસને પેરાસાઈટ પણ કહી છે. શપથગ્રહણ સમારોહમાંથી ત્રિશાની તસવીર શેર કરીને સુચિત્રાએ કહ્યું, આ આ સમયની સૌથી નિરાશાજનક સેલિબ્રિટી છે. આ પછી સુચિત્રાએ એક અન્ય વીડિયો રી-પોસ્ટ કર્યો, જેમાં વિજયની માતા શોભા, ત્રિશાને ગળે લગાવી રહી છે. આ સાથે તેણે લખ્યું, શોભા, ત્રિશાને ગળે લગાવી રહી છે, આ કેવો પરિવાર છે. આગળની સ્ટોરીમાં તેણે લખ્યું, યોગ્ય રીતે છૂટાછેડા લીધા વિના તે ત્રિશા સાથે ફરી રહ્યા છે. સંગીતાએ કેસ દાખલ કર્યો છે અને તેમના પર એક એક્ટ્રેસ સાથે અફેર હોવાનો આરોપ છે. તે પોતાના ફોલોઅર્સ સામે ખોટું ઉદાહરણ રજૂ કરી રહ્યા છે. તેમની મહિલા ચાહકો પણ આંખ બંધ કરીને તેમની હરકતોનું સમર્થન કરી રહી છે અને પરોક્ષ રીતે એક ખોટા સંબંધને પ્રોત્સાહન આપી રહી છે. જરા વિચારો, આ સમયે તેમની પત્ની અને બાળકોની માનસિક સ્થિતિ કેવી હશે. ઉપરાંત, ફર્સ્ટપોસ્ટને આપેલા ઈન્ટરવ્યૂમાં સુચિત્રાએ કહ્યું છે, "મને ત્રિશા બિલકુલ પસંદ નથી. હું આ વાત કોઈ પક્ષપાત વિના કહી રહી છું. મને વિજય ખૂબ પસંદ છે અને હું ઈમાનદારીથી મારો અભિપ્રાય આપી રહી છું." "જ્યારે કોઈ વ્યક્તિ ખૂબ સફળ થઈ જાય છે અને એકલો પડી જાય છે, ત્યારે પેરાસાઈટ તેના જીવનમાં આવી જાય છે. વિજયે તેના માતા-પિતા અને પત્નીથી અંતર બનાવી લીધું છે, તેથી તે એકલો પડી ગયો છે. તેણે હજી સુધી પોતાના વિશે ગંભીરતાથી વિચાર્યું નથી. આ દરમિયાન તે રાજકારણમાં પણ આવી ગયો. મારા મતે, રાજકારણમાં આગળ વધવા માટે તેને તેના પિતા ચંદ્રશેખરની સલાહ અને સાથની જરૂર છે. તેમના વિના રાજકારણમાં સફળતા મેળવવી મુશ્કેલ હશે." થલાપતિ વિજયે 10 મેના રોજ તમિલનાડુના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે.





# મૌની રોયના લગ્નજીવનમાં ભંગાણ? ઈન્સ્ટાગ્રામ પર પતિને અનફોલો કર્યો

### મૌની રોય અને સૂરજ નામ્બિયારે લાંબા સમય સુધી ડેટિંગ કર્યા પછી જાન્યુઆરી 2022માં લગ્ન કર્યા, મૌની અને સૂરજના લગ્ન વર્ષના સૌથી ચર્ચિત લગ્નોમાંના એક હતા

મુંબઈ

મનોરંજન જગતમાં સંબંધોના ઉદય અને પતન ઘણીવાર ચર્ચાનો વિષય હોય છે, અને જ્યારે કોઈ પ્રખ્યાત યુગલ વચ્ચે અણબનાવની ચર્ચા થાય છે, ત્યારે તેમના ચાહકો ચિંતિત થઈ જાય છે. ટીવીથી બોલિવૂડમાં આવેલી મૌની રોય પણ તેના ચાહકો માટે ચિંતાનો વિષય બની ગઈ છે. ચાહકોએ અભિનેત્રીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કંઈક એવું જોયું, જેનાથી અટકળો શરૂ થઈ ગઈ કે તેના અને તેના પતિ સૂરજ નામ્બિયાર વચ્ચે બધુ બરાબર નથી. હકીકતમાં, મૌની રોય અને સૂરજ નામ્બિયારે સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા છે, જેના કારણે વિવિધ અટકળો શરૂ થઈ છે. મૌની રોયના ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ લિસ્ટમાંથી પતિ સૂરજ નામ્બિયારની ગેરહાજરીથી સોશિયલ મીડિયા પર ચર્ચાઓનો દોર શરૂ થયો છે. મૌની સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને દરરોજ નવી પોસ્ટ શેર કરે છે. જોકે, તેણે લાંબા સમયથી તેના પતિ સાથે કોઈ ફોટા કે વીડિયો પોસ્ટ કર્યા નથી, જેના કારણે ચાહકો ચિંતિત છે. ઘણા લોકો અભિનેત્રી પર ટિપ્પણી કરી રહ્યા છે, પૂછી રહ્યા છે કે શું તેના અને સૂરજ વચ્ચે બધું બરાબર છે. ઈન્સ્ટાગ્રામ પર આ અફવા શરૂ થઈ. આખી ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે આ કપલને ફોલો કરતા ચાહકોએ તેમની ફોલોઅર્સ લિસ્ટ ચેક કરી. તેમણે જોયું કે મૌની કે સૂરજ બંને તેના પતિને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરતા નથી. હકીકતમાં, તેઓએ છેલ્લા કેટલાક મહિનાઓમાં સાથે કોઈ ફોટા શેર કર્યા નથી. આનાથી સોશિયલ મીડિયા પર બંને અચાનક એકબીજાથી કેમ દૂર થઈ ગયા છે તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. જો કે, અત્યાર સુધી મૌની રોય કે સૂરજ નામ્બિયારે આ પ્રશ્નોના જવાબ આપ્યા નથી. મૌની રોય અને સૂરજ નામ્બિયારે લાંબા સમય સુધી ડેટિંગ કર્યા પછી જાન્યુઆરી 2022 માં લગ્ન કર્યા. મૌની અને સૂરજના લગ્ન વર્ષના સૌથી ચર્ચિત લગ્નોમાંના એક હતા, જેમાં ગોવાના સુંદર દૃશ્યો વચ્ચે આ દંપતીએ લગ્ન કર્યા હતા. તેમના સ્વપ્નશીલ લગ્નની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ હતી. લગ્ન પછી, મૌની વારંવાર સૂરજ સાથેના ફોટા શેર કરતી હતી.

# ફિલ્મ એક્ટ્રેસ તમન્ના ભાટિયાએ મહાકાલના આશીર્વાદ લીધા: ત્રિપુંડ લગાવીને ભસ્મ આરતીમાં સામેલ થઈ

મુંબઈ

સાઉથ અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ તમન્ના ભાટિયા મંગળવારે વહેલી સવારે શ્રીમહાકાલેશ્વર મંદિરે પહોંચી. તેણે ભગવાન મહાકાલની ભસ્મ આરતીમાં સામેલ થઈને બાબાના આશીર્વાદ લીધા. વહેલી સવારે લગભગ 3 વાગ્યે મંદિરે પહોંચેલી તમન્ના ભાટિયા નંદી હોલમાં બેસીને ભક્તિભાવપૂર્વક ભસ્મ આરતીમાં સામેલ થઈ હતી. આ દરમિયાન તે કપાળ પર ચંદન લગાવેલા સંપૂર્ણપણે બાબા મહાકાલની ભક્તિમાં લીન જોવા મળી. લગભગ બે કલાક સુધી તેણે ભસ્મ આરતીનો દિવ્ય નજારો જોયો. આરતી પછી એક્ટ્રેસે નંદીજીનું પૂજન-અભિષેક કર્યું અને નંદીના કાનમાં પોતાની મનોકામના કહી. ત્યારબાદ ચાંદીના દ્વારથી ભગવાન મહાકાલને પૂજારીના હાથે જળ અર્પણ કરીને આશીર્વાદ લીધા. ભસ્મ આરતી પછી તમન્નાએ કહ્યું, 'આજે ભગવાને મને બોલાવી હતી. બાબા મહાકાલના બોલાવવા પર જ ભક્તો અહીં આવે છે.

અહીં આવીને ખૂબ સારું લાગ્યું. આજે જે આરતી જોવા મળી, તેને શબ્દોમાં વર્ણવી શકતી નથી. આરતીમાં સામેલ થઈને ખૂબ ઊર્જા મળે છે. બધા લોકો એક સાથે બેસીને જે રીતે આરતી જુએ છે, એવું દ્રશ્ય બીજે ક્યાંય જોવા મળતું નથી.' મંદિર પરિસરમાં એક્ટ્રેસની એક ઝલક મેળવવા માટે શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો. ભસ્મ આરતી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા પણ ખાસ કરીને વધારવામાં આવી હતી. સાઉથ અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ તમન્ના ભાટિયા મંગળવારે વહેલી સવારે શ્રીમહાકાલેશ્વર મંદિરે પહોંચી. તેણે ભગવાન મહાકાલની ભસ્મ આરતીમાં સામેલ થઈને બાબાના આશીર્વાદ લીધા. વહેલી સવારે લગભગ 3 વાગ્યે મંદિરે પહોંચેલી તમન્ના ભાટિયા નંદી હોલમાં બેસીને ભક્તિભાવપૂર્વક ભસ્મ આરતીમાં સામેલ થઈ હતી.



પાક્કો ગુજરાત

બુધવાર | 13 મે 2026 | અમદાવાદ

### ICC દ્વારા જાહેર કરવામાં આવી ODI રેન્કિંગ, બીજા સ્થાને ન્યૂઝીલેન્ડ છે જે 113 પોઈન્ટ્સ સાથે ભારતથી માત્ર 5 પોઈન્ટ પાછળ છે

# ODI રેન્કિંગ: ભારત નંબર-1 પર યથાવત્, ન્યૂઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયાએ વધારી ચિંતા

નવી દિલ્હી

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે કે ICC દ્વારા જાહેર કરવામાં આવેલા ODI રેન્કિંગમાં ભારતીય ટીમે પોતાનું નંબર-1નું સ્થાન જાળવી રાખ્યું છે. વાર્ષિક અપડેટ બાદ પણ ટીમ ઈન્ડિયા વિશ્વની સર્વશ્રેષ્ઠ વનડે ટીમ તરીકે ઉભરી આવી છે. જોકે, આ વખતે ભારતની લીડમાં થોડો ઘટાડો થયો છે, જે હવે આગામી સમયમાં નંબર-1ના તાજ માટે જંગ વધુ રોમાંચક બનાવશે. ભારત નંબર વન પણ ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ ટેન્શન વધાર્યું ભારતીય ટીમ હાલ 118 રેટિંગ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે.




જોકે, ટીમને 1 રેટિંગ પોઈન્ટનું નુકસાન થયું છે. બીજા સ્થાને ન્યૂઝીલેન્ડ છે જે 113 પોઈન્ટ્સ સાથે ભારતથી માત્ર 5 પોઈન્ટ પાછળ છે. વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા 109 પોઈન્ટ્સ સાથે ત્રીજા ક્રમે છે. સૌથી મોટો ફેરફાર ચોથા અને પાંચમા ક્રમે જોવા મળ્યો છે, જ્યાં દક્ષિણ આફ્રિકાએ પાકિસ્તાનને પછાડીને ચોથું સ્થાન મેળવી લીધું છે. દક્ષિણ આફ્રિકા હવે 102 પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે પાકિસ્તાન 98 પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને ધકેલાઈ ગયું છે. અન્ય ટીમોની વાત કરીએ તો શ્રીલંકા (96) છઠ્ઠા, અફઘાનિસ્તાન (93) સાતમા, ઈંગ્લેન્ડ (89) આઠમા, બાંગ્લાદેશ (84) નવમા અને વેસ્ટ ઈન્ડિઝ (74) દસમા ક્રમે છે.

આ રેન્કિંગ માત્ર આંકડા નથી, પરંતુ 2027ના વર્લ્ડ કપ માટે પણ અત્યંત મહત્ત્વના છે. 31 માર્ચ 2027 સુધીમાં ટોપ-8 માં રહેનારી ટીમોને સીધી એન્ટ્રી મળશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે યજમાન હોવાથી પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે. આ રેન્કિંગમાં આયર્લેન્ડે ઝિમ્બાબ્વેને પાછળ છોડીને 11મું સ્થાન મેળવ્યું છે, જ્યારે USA 13મા ક્રમે પહોંચી ગયું છે. ભારતીય ટીમ હવે આવતા મહિનાથી અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે ત્રણ મેચની વનડે શ્રેણી સાથે 2027 વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરશે. નંબર-1નું સ્થાન ટકાવી રાખવા માટે ભારત માટે હવે દરેક મેચ મહત્વની બની રહેશે.

## દિલ્હીની પ્લેઓફની આશાઓ જીવંત

મુંબઈ

IPL 2026માં પ્લેઓફની રેસ રોમાંચક બની ગઈ છે. સોમવારે દિલ્હી કેપિટલ્સે પંજાબ કિંગ્સને 3 વિકેટે હરાવીને પોતાની આશાઓ જીવંત રાખી. ટીમ 10 પોઈન્ટ સાથે પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને પહોંચી ગઈ છે. બીજી તરફ પંજાબ ચોથા સ્થાને યથાવત છે, પરંતુ તેને ટોપ-4 માં સ્થાન પાક્કું કરવા માટે બાકીના 3 માંથી ઓછામાં ઓછા 2 મેચ જીતવા પડશે. આજે ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ આમને-સામને હશે. જીતનારી ટીમ પોઈન્ટ્સ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી જશે. હાલમાં, બેંગલુરુ, હૈદરાબાદ, ગુજરાત અને પંજાબ ટોપ-4માં છે, જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. સિઝનની શરૂઆતમાં સતત 6 મેચ જીતનારી પંજાબને સતત ચોથી હાર ભોગવવી પડી. ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ચોથા સ્થાને છે. તેને બાકી રહેલી મુંબઈ, બેંગલુરુ અને લખનઉ સામેની 3 મેચમાંથી 2 જીતવી પડશે.

બીજી તરફ દિલ્હી સતત બે મેચ હાર્યા બાદ જીતી. ટીમને એક સ્થાનનો ફાયદો થયો. હવે તેને બાકીની 2 મેચમાં રાજસ્થાન અને કોલકાતાને મોટા અંતરથી હરાવવા ઉપરાંત બીજી ટીમોના પરિણામ પર પણ નિર્ભર રહેવું પડશે. સનરાઈઝર્સ હૈદરાબાદના 11 મેચમાં 14 પોઈન્ટ્સ છે. ટીમ આજે ગુજરાત ટાઈટન્સને હરાવીને પોઈન્ટ્સ ટેબલમાં ટોપ પર પહોંચી શકે છે. હૈદરાબાદની બાકીની મેચો ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ જેવી મજબૂત ટીમો સામે છે. આવા સંજોગોમાં ટીમ અમદાવાદમાં જીત નોંધાવીને પ્લેઓફની સ્થિતિ મજબૂત કરવા માંગશે. ગુજરાત ટાઈટન્સના પણ 11 મેચમાં 14 પોઈન્ટ્સ છે. જો ટીમ આજે હૈદરાબાદને હરાવી દે છે તો પ્લેઓફમાં તેની જગ્યા લગભગ પાક્કી થઈ જશે. આ પછી ગુજરાતને કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ સામે મેચ રમવાની છે.

### વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

## IPLમાં નેહરા વિના હાર્દિક પંડ્યા અધૂરો, હવે બુમરાહને બનાવો કેપ્ટન: માંજરેકર

મુંબઈ

આઈપીએલ 2026 માં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે. પાંચ વખતની ચેમ્પિયન ટીમ પ્લેઓફની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. હવે મુંબઈ ઈન્ડિયન્સના મેનેજમેન્ટ પર હાર્દિક પંડ્યાને કેપ્ટન પદ પરથી હટાવવાનું દબાણ વધી રહ્યું છે. બુમરાહને કમાન સોંપવાની સલાહ પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે મુંબઈ ઈન્ડિયન્સના મેનેજમેન્ટને આકરા શબ્દોમાં સલાહ આપી છે કે હવે હાર્દિક પંડ્યાને કેપ્ટન પદ પરથી મુક્ત કરવાનો સમય આવી ગયો છે. માંજરેકરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જસપ્રીત બુમરાહ ટીમનું નેતૃત્વ કરવા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. કારણ કે તે




જે રીતે ક્રિકેટને સમજે છે તેવું બીજું કોઈ કરી શકતું નથી. બુમરાહ બોલિંગ તો સારી કરે જ છે પણ સાથે સાથે તેનામાં બેટરની માનસિકતા સમજવાની કળા છે. માંજરેકરે હાર્દિકની કેપ્ટનસી પર કટાક્ષ કરતા કહ્યું કે, હાર્દિક પંડ્યા ત્યારે જ સફળ હતો જ્યારે તેની સાથે આશિષ નેહરા હતો. હાર્દિક પંડ્યાને મુંબઈમાં લાવવાનો નિર્ણય કારગત નીવડ્યો નથી. જો મુંબઈ હાર્દિકને લાવવા માંગતું હતું, તો તેમણે આશિષ નેહરાને પણ સાથે લાવવા જોઈતા હતા. તે એક 'પેકેજ ડીલ' જેવું હોત. નેહરા વગર હાર્દિક મુંબઈમાં એ જાદુ કરી શક્યો નથી જે તેણે ગુજરાત ટાઈટન્સ માટે કર્યો હતો.

## બેંગલુરુના ટિમ ડેવિડ પર મેચ ફીના 30 ટકાનો દંડ

### 2 ડિમેરિટ પોઈન્ટ્સ પણ મળ્યા, મુંબઈ પર જીત બાદ અશ્લીલ ઈશારો કર્યો હતો

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના બેટ્સમેન ટિમ ડેવિડને મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામેની મેચમાં IPL કોડ ઓફ કન્ડક્ટના ઉલ્લંઘનનો દોષી ઠેરવવામાં આવ્યો છે. મેચ રેફરીએ તેના પર મેચ ફીના 30% દંડ ફટકાર્યો. સાથે જ બે ડિમેરિટ પોઈન્ટ્સ પણ આપ્યા છે. IPL ના સત્તાવાર નિવેદન અનુસાર, ટિમ ડેવિડને લેવલ 1ના ગુનાનો દોષી ઠેરવવામાં આવ્યો છે. તેના પર 'અશ્લીલ અથવા અપમાનજનક ઈશારો' કરવાનો આરોપ છે. તેણે મુંબઈ ઈન્ડિયન્સના ડ્રેસિંગ રૂમ તરફ મિડલ ફિંગર ઉંચી કરીને ઈશારો કર્યો હતો. આ હાર સાથે મુંબઈ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. ડેવિડનો ઈશારો તે જ તરફ માનવામાં આવી રહ્યો છે. ટિમ ડેવિડે મુંબઈ પર જીત બાદ અશ્લીલ ઈશારો કર્યો હતો.

મિ ડેવિડે મુંબઈ પર જીત બાદ અશ્લીલ ઈશારો કર્યો હતો. ડેવિડે ભૂલ સ્વીકારી, કોચ એન્ડી ફ્લાવર પર પણ લાગ્યો દંડ ડેવિડે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને મેચ રેફરી અમિત શર્માની સજા માની લીધી છે. લેવલ 1 ઉલ્લંઘનના કિસ્સાઓમાં મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય હોય છે. ડેવિડ ઉપરાંત, RCBના હેડ કોચ એન્ડી ફ્લાવર પર પણ મેચ ફીના 15% દંડ ફટકારવામાં આવ્યો છે. ફ્લાવરને 'અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ' દંડિત કરવામાં આવ્યા છે. તેમણે ફોર્થ અમ્પાયર સાથે આક્રમક લહેજામાં વાત કરી હતી. એન્ડી ફ્લાવરે ફોર્થ અમ્પાયર સાથે કડક લહેજામાં વાત કરી. એન્ડી ફ્લાવરે ફોર્થ અમ્પાયર સાથે કડક લહેજામાં વાત કરી. 3 ડિમેરિટ પોઈન્ટ્સ મળવા પર સસ્પેન્શન નિયમો અનુસાર, એક સિઝનમાં 3 ડિમેરિટ પોઈન્ટ્સ મળવા પર ખેલાડી સસ્પેન્ડ થઈ શકે છે. ડેવિડને હાલમાં બે પોઈન્ટ્સ મળ્યા છે. એક વધુ પોઈન્ટ જોડાવા પર તેને આગામી મેચમાંથી બહાર બેસવું પડી શકે છે. પંજાબ-દિલ્હી મેચ બાદ અક્ષર પર પણ દંડ લાગ્યો IPLની 55મી મેચ બાદ દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલ પર સ્લો ઓવર રેટના કારણે દંડ ફટકારવામાં આવ્યો છે. તેમની IPL ગવર્નિંગ કાઉન્સિલે તેમના પર 12 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. IPL દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે આચારસંહિતા હેઠળ આ સિઝનમાં દિલ્હી કેપિટલ્સની આ પહેલી ભૂલ હતી, તેથી કેપ્ટન પર લઘુત્તમ દંડ ફટકારવામાં આવ્યો છે. આ મેચમાં દિલ્હીએ પંજાબને 3 વિકેટે હરાવ્યું.






### ટ્રમ્પના નિવેદન બાદ રૂપિયામાં આ ઘટાડો જોવા મળ્યો

## રૂપિયો ઓલ ટાઈમ લો:1 ડોલરની કિંમત 95.50 રૂપિયા થઈ

મુંબઈ

ભારતીય રૂપિયો આજે એટલે કે 12 મેના રોજ ડોલર સામે 19 પૈસા ઘટીને 95.50ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રૂપિયામાં આ ઘટાડો જોવા મળ્યો છે. જોકે, ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામને નબળો ગણાવ્યો છે, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી આવી છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ વધીને 105 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. આ પહેલા સોમવારે તે 95.31 પર બંધ થયો હતો. ગયા અઠવાડિયે જ રૂપિયાએ 95.43નો નીચલો સ્તર સ્પર્શ્યો હતો, જે હવે તૂટી ગયો છે. વર્ષ 2026ની શરૂઆતથી જ રૂપિયો દબાણમાં છે. ગયા વર્ષે ડિસેમ્બર 2025માં પહેલીવાર રૂપિયો 90ના સ્તરને પાર ગયો હતો. ભૌગોલિક



રાજકીય તણાવ: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના સંઘર્ષ વિરામ એટલે કે સીઝફાયરને નબળું ગણાવવાથી ખાડી દેશોમાં તણાવ વધી ગયો છે. યુદ્ધ કે સંઘર્ષની આશંકાથી રોકાણકારો ઉભરતા બજારો (જેમ કે ભારત) માંથી પોતાના પૈસા કાઢીને સુરક્ષિત રોકાણ તરફ ભાગી રહ્યા છે. ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો: ઈરાન સંકટને કારણે ગ્લોબલ માર્કેટમાં સપ્લાયમાં અવરોધ આવવાનો ડર છે. આ જ કારણોસર બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતો 105 ડોલર પ્રતિ બેરલને પાર નીકળી ગઈ છે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ 80% તેલ આયાત કરે છે, જેનાથી તેલ મોંઘું થવા પર ડોલરની માગ વધી જાય છે અને રૂપિયો નબળો પડે છે. વધતો વેપાર ખાધ: જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, ત્યારે ભારતનું આયાત બિલ એટલે કે ઈમ્પોર્ટ બિલ પણ વધી જાય છે. આનાથી દેશની 'કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ' (CAD) વધવાની આશંકા હોય છે, જે સીધી રીતે રૂપિયાની વેલ્યુને ઓછી કરે છે. ડોલરની મજબૂતી: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલમાં 'અમેરિકી ડોલર'ને સૌથી સુરક્ષિત સંપત્તિ એટલે કે સેફ હેવન માનવામાં આવે છે. ટ્રમ્પના કડક વલણ બાદ દુનિયાભરના બજારોમાં ડોલરની માગ વધી ગઈ છે, જેના કારણે રૂપિયા સહિત અન્ય કરન્સી દબાણમાં છે.

### સોનાનો વાયદો રૂ.116 સુધર્યો, ચાંદીનો વાયદો રૂ.2112 નરમ


## ક્રૂડ તેલના વાયદામાં રૂ.326નો ઉછાળો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.45378.48 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.227199.05 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 32151.59 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.272577.52 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.45378.48 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.227199.05 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3672.26 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 32151.59 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.153999ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154243 અને નીચામાં રૂ.153016ના મથાળે અથડાઈ, રૂ.153663ના આગલા બંધ સામે રૂ.116 વધી રૂ.153779ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.26 વધી રૂ.123300ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.7 વધી રૂ.15453 થયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.7 વધી રૂ.153452ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.153655ના ભાવે




ખૂલી, ઉપરમાં રૂ.154200 અને નીચામાં રૂ.153025ના સ્તરને સ્પર્શી, રૂ.153656ના આગલા બંધ સામે રૂ.94 વધી રૂ.153750ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.280229ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.282755 અને નીચામાં રૂ.273126ના મથાળે અથડાઈ, રૂ.278311ના આગલા બંધ સામે રૂ.2112 ઘટી રૂ.276199ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.1390 ઘટી રૂ.278293ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.1373 ઘટી રૂ.278325ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 7334.70 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.9.35 વધી રૂ.1378.4ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.3.55 વધી રૂ.359.4ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.1.8 વધી રૂ.377.55ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 40 પૈસા વધી રૂ.203.4ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 5774.43 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4598ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4725 અને નીચામાં રૂ.4591ના મથાળે અથડાઈ, રૂ.70 વધી રૂ.4656ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9457ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9765 અને નીચામાં રૂ.9419ના સ્તરને સ્પર્શી, રૂ.9376ના આગલા બંધ સામે રૂ.326 વધી રૂ.9702ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.326 વધી રૂ.9703 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ 50 પૈસા ઘટી રૂ.277.1 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો 60 પૈસા ઘટી રૂ.277ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

### મોદીની અપીલ બાદ ચાંદી ખરીદવા તૂટી પડ્યા

## ચાંદી એક જ દિવસમાં ₹11,620 મોંઘી થઈ, ભાવ અઢી લાખને પાર થયો

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. ગત કારોબારી દિવસે સોમવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે MCX પર જ્યાં સોનું સસ્તું થયું હતું, ત્યાં ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. મંગળવારે પણ સોનું સુસ્ત છે, પરંતુ ચાંદી ધમાલ મચાવી રહી છે. વાસ્તવમાં, રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોલ્ડને લઈને મોટી અપીલ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે 1 વર્ષ સુધી સોનું ન ખરીદો. એટલું જ નહીં તેમણે માત્ર 24 કલાકની અંદર જ પોતાની આ અપીલને ફરીથી દોહરાવી. ગોલ્ડ ખરીદી ન કરવાની પીએમની અપીલ પછી ગ્રાહકો ચાંદી પર તૂટી પડ્યા અને તેની માંગ વધવાથી Silver Price ઝડપથી ઉછળી ગયો. આજે 12 મેના રોજ સોના-ચાંદીમાં તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 11,620




રૂપિયા વધીને 2,67,820 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા સોમવારે તેની કિંમત 2.56 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,592 રૂપિયા વધીને 1,51,954 રૂપિયા પર પહોંચી ગયું છે.

આ પહેલા 11 મેના રોજ તેની કિંમત 1,50,362 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 18,755 રૂપિયા અને ચાંદી 37,400 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.68 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

## બફેટને લો-પ્રોફાઇલ ભારતીય બિઝનેસમાંથી 4,378 કરોડની આવક

- પેટીએમમાં 40% નુકસાન, પરંતુ કાચા માલવાળી નાની-નાની ફર્મોમાંથી મોટો નફો થયો

મુંબઈ

જાણીતા રોકાણકાર વોરેન બફેટ ક્યારેય ભારત આવ્યા નથી. તેમ છતાં, તેમની 1 ટ્રિલિયન ડોલર (લગભગ 95 લાખ કરોડ) ની કંપની બર્કશાયર હેથવેએ અહીં મજબૂત વ્યવસાયિક મૂળ જમાવી દીધા છે. ગ્રેગ એબેલ સીઈઓ બનતા જ આ 'અજાણ્યા' પોર્ટફોલિયોનું અસલી ચિત્ર સામે આવી રહ્યું છે. એબેલને એવો ભારતીય પોર્ટફોલિયો મળ્યો, જે દાયકાઓથી શાંતિથી વધી રહ્યો છે. પેટીએમમાં 26 કરોડના રોકાણ પર 40% નુકસાન સહન કરનાર બર્કશાયરની અસલી તાકાત તેની 58 બિન-સૂચિબદ્ધ કંપનીઓમાં છે, જેમાંથી ઘણી ભારતમાં સક્રિય છે. આનાથી ગયા વર્ષે 4,378 કરોડની આવક થઈ. આ કંપનીઓ દ્વારા ભારતમાં બર્કશાયર હેથવેનો વ્યવસાય થઈ રહ્યો છે કંપની- આવક લુબ્રિઝોલ ઈન્ડિયા - 3,292 આઈએમસી ગ્રુપ ઈન્ડિયા - 1,086 કંપની રોકાણ CPVC મેન્યુફેક્ચરિંગ -1,238 3 વર્ષનું કુલ રોકાણ 2,380 (આંકડા કરોડ રૂપિયામાં 2025ના, સ્ત્રોત: ફોર્ચ્યુન ઈન્ડિયા) એન્જિન ઓઈલથી લઈને મેડિકલ ઉપકરણો સુધી, પાઈપથી લઈને શેમ્પૂ સુધી બર્કશાયરનું ભારત કનેક્શન જેટલું ઊંડું છે, તેટલું જ ઓછું ચર્ચિત છે.



ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનો સહેલાઈથી આ ગેંગની જાળમાં ફસાયા

# કૅનેડામાં ગેંગસ્ટરોનું 'ગંદા ખેલ' : સ્ટડી પરમિટ પર ગયેલા ભારતીય યુવાનોને ખંડણીના રવાડે ચડાવ્યા!



■ દક્ષિણ એશિયન મૂળના વેપારીઓ નિશાને : ગન પોઈન્ટ પર વસૂલાત અને ડ્રગ્સના નેટવર્કમાં વિદ્યાર્થીઓનો ઉપયોગ

અમદાવાદ

કેનેડામાં સ્થાયી થયેલા દક્ષિણ એશિયન, ખાસ કરીને પંજાબી અને ગુજરાતી મૂળના વેપારીઓ માટે અત્યારે મોટો ખતરો ઉભો થયો છે. તાજેતરના અહેવાલો મુજબ, આંતરરાષ્ટ્રીય ગેંગ્સ હવે કેનેડામાં ભણવા ગયેલા અને સ્ટડી પરમિટ પર રહેતા યુવાનોનો ગુનાખોરી માટે ઉપયોગ કરી રહી છે. આ ગંદા રેકેટના કારણે કેનેડાની ધરતી પર ભારતીય સમુદાયમાં ભયનો માહોલ છે.

કેવી રીતે કામ કરે છે આ ગેંગ? (મોડસ ઓપરેન્ડી) આ ગેંગ્સ ખૂબ જ વ્યવસ્થિત અને ખતરનાક રીતે કામ કરે છે, જેના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે:

નિશાન પર વેપારીઓ: ગેંગના સાગરીતો સૌથી પહેલા દક્ષિણ એશિયન મૂળના સફળ બિઝનેસમેન, રિયલ એસ્ટેટ એજન્ટો અને મોટા સ્ટોર માલિકોની યાદી તૈયાર કરે છે.

2. ખંડણીના ફોન કોલ્સ: વેપારીઓને વિદેશી નંબરો પરથી ધમકીભર્યા ફોન કરવામાં આવે છે. મોટી રકમની માંગણી કરવામાં આવે છે અને જો પૈસા ન આપે તો ઘર કે દુકાન પર ફાયરિંગ કરવાની ધમકી અપાય છે.

3. વિદ્યાર્થીઓનો પ્યાદા તરીકે ઉપયોગ: ગેંગના મુખ્ય નેતાઓ પાછળ રહીને કામ કરે છે, જ્યારે ફિલ્ડ પર 'ગંદું કામ' કરવા માટે સ્ટડી પરમિટ પર આવેલા યુવાનોને લાલચ આપવામાં આવે છે.

* આર્થિક તંગી: કેનેડામાં મોંઘવારી અને કામની અછતને કારણે દેવામાં ડૂબેલા વિદ્યાર્થીઓને પૈસાની લાલચ આપીને હથિયાર પકડાવવામાં આવે છે.

* મોજ-શોખ: લક્ઝરી લાઈફ અને ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનો સહેલાઈથી આ ગેંગની જાળમાં ફસાઈ જાય છે.

ગ્રાઉન્ડ લેવલ પર વિદ્યાર્થીઓ પાસે શું કામ કરાવાય છે?

કેનેડાની પોલીસે ધરપકડ કરેલા શખ્સોમાં અનેક એવા યુવાનો છે જેમની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની છે. તેમની પાસે નીચે મુજબના ગુના કરાવાય છે:

* ધમકીના પત્રો પહોંચાડવા: વેપારીઓના ઘરે જઈને ખંડણીના લેટર આપવા.

* રેકી કરવી: કોણ ક્યારે ક્યાં જાય છે તેની જાસૂસી કરવી.

દહેશત ફેલાવવા માટે હવામાં અથવા બારીઓ પર ગોળીબાર કરવો.

જે માબાપે લાખો રૂપિયા ખર્ચીને સંતાનોને ભણવા મોકલ્યા હતા, તે સંતાનો હવે જેલના સળિયા પાછળ જઈ રહ્યા છે. ગેંગસ્ટરો આ યુવાનોના ભવિષ્યનો ભોગ લઈ રહ્યા છે. કેનેડાની 'રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ' (RCMP) એ આ મામલે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવી છે. અનેક જગ્યાએ દરોડા પાડીને હથિયારો અને ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

ભારતીય દૂતાવાસ પણ સતત ત્યાંના સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે જેથી ભારતીય મૂળના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

34 વર્ષ પછી 'ન્યાય'ની આશા!

# ક્રાઈમ બ્રાન્ચે AIની મદદથી તૈયાર કર્યો મૃતક ફરજાનાનો ફોટો

અમદાવાદ

અમદાવાદના વટવા વિસ્તારમાં ૩૪ વર્ષ પહેલા બનેલા ચકચારી હત્યાકાંડમાં અત્યાર સુધીનો સૌથી મોટો વળાંક આવ્યો છે. આટલા વર્ષો વીતી ગયા હોવા છતાં જે મહિલાની ઓળખ અને ન્યાયનો પ્રશ્ન અટવાયેલો હતો, તે દિશામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આધુનિક Artificial Intelligence (AI) નો ઉપયોગ કરીને એક મોટી સફળતા મેળવી છે. ક્રાઈમ બ્રાન્ચે મૃતક મહિલા ફરજાનાનો હૂબહૂ ફોટો તૈયાર કર્યો છે.



વટવાના આ હત્યાકાંડમાં મૃતક ફરજાનાનો કોઈ તાજો કે સ્પષ્ટ ફોટો ઉપલબ્ધ નહોતો. આ કપરી પરિસ્થિતિમાં ક્રાઈમ બ્રાન્ચે વિજ્ઞાનનો સહારો લીધો:


ફરજાનાના ભાઈ અને બહેને તેની આંખો, નાક, ચહેરાનો આકાર અને અન્ય વિગતોનું ઝીણવટભર્યું વર્ણન કર્યું હતું. પરિવાર દ્વારા આપવામાં આવેલા મૌખિક વર્ણનના આધારે AI સોફ્ટવેરની મદદથી ફરજાનાનો એક સ્કેચ અને ડિજિટલ ફોટો તૈયાર કરવામાં આવ્યો છે.

આ ફોટો એટલો સચોટ છે કે પરિવારના સભ્યોએ પણ તેને જોઈને પુષ્ટિ આપી છે કે ફરજાના બિલકુલ આવી જ દેખાતી હતી. વર્ષ ૧૯૯૨ના ગાળામાં બનેલા આ હત્યાકાંડે તે સમયે સમગ્ર અમદાવાદને હચમચાવી દીધું હતું. પુરાવાઓના અભાવે અને ઓળખ ન થવાને કારણે આ કેસ ફાઈલોમાં દબાઈ ગયો હતો. પરંતુ હવે આ નવો ફોટો પોલીસ માટે બ્રહ્માસ્ત્ર સાબિત થઈ શકે છે: આ ફોટા દ્વારા હવે તે સમયના સાક્ષીઓ અથવા અન્ય કડીઓ મેળવવી સરળ બનશે. ક્રાઈમ બ્રાન્ચ હવે આ ફોટાના આધારે તે સમયના શકમંદો અને સ્થાનિક લોકોની પૂછપરછમાં નવેસરથી વેગ લાવશે. ફરજાનાના પરિવારને ૩૪ વર્ષના લાંબા સમય પછી ન્યાય મળવાની આશા જાગી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ હવે જૂના અને 'કોલ્ડ કેસ' (અણઉકેલ્યા ગુનાઓ) ને ઉકેલવા માટે નવી ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી રહી છે. આ કિસ્સો સાબિત કરે છે કે ભલે વર્ષો વીતી જાય, પણ કાયદાના હાથ લાંબા છે અને ટેકનોલોજીના માધ્યમથી ગુનેગાર સુધી પહોંચવું હવે અશક્ય નથી.

SG હાઈવે પરથી ₹64 લાખનો મુદ્દામાલ જપ્ત

# ડાંગરના ભૂસાની આડમાં ચાલતું દારૂનું નેટવર્ક ઝડપાયું

અમદાવાદ



શહેરમાં દારૂબંધીના અમલ વચ્ચે બુટલેગરો અવનવા કિમીયા અજમાવી રહ્યા છે, પરંતુ સોલા પોલીસની સતર્કતાએ વધુ એક મોટા કારસાનો પર્દાફાશ કર્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા SG હાઈવે પર વૈષ્ણોદેવી બ્રિજના છેડેથી પોલીસે ડાંગરના ભૂસાના કટ્ટા નીચે છુપાવેલો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસ કાર્યવાહીની વિગત

સોલા પોલીસ સ્ટેશનના સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે વૈષ્ણોદેવી સર્કલ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક ટ્રકને અટકાવી તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ઉપરથી ડાંગરના ભૂસાના કટ્ટા દેખાતા હતા, પરંતુ તેની નીચે વિદેશી દારૂનું મસમોટું કન્ટેનર છુપાયેલું હતું.

પોલીસે સ્થળ પરથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છે:

દારૂની બોટલો: 43,296 નંગ, દારૂની કિંમત: 54.12 લાખ (અંદાજિત), કુલ મુદ્દામાલ: 64 લાખથી વધુ (ટ્રક સહિત)

પોલીસે આ મામલે ટ્રક ચાલક રામારામ ચૌધરીની સ્થળ પરથી જ ધરપકડ કરી છે અને તેની કડક પૂછપરછ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે બુટલેગરો પોલીસની નજરથી બચવા માટે ખેતીકામના સામાનની આડમાં દારૂની હેરાફેરી કરતા હતા. સોલા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ દારૂનો જથ્થો કોણે મંગાવ્યો હતો અને ક્યાં સપ્લાય કરવાનો હતો તે દિશામાં અત્યારે તપાસ ચાલી રહી છે.

# પદ્મ ભૂષણ પંકજભાઈ પટેલ દ્વારા અમદાવાદમાં ₹500 કરોડના ખર્ચે 'સરદારધામ યુનિ.'ની જાહેરાત

## યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે ઐતિહાસિક સોગાદ, શિક્ષણ અને સંસ્કારનો સમન્વય હવે એક જ છત નીચે

અમદાવાદ

ગુજરાતના શિક્ષણ જગતમાં એક નવો સૂર્યોદય થવા જઈ રહ્યો છે. ઝાયડસ ગ્રુપના ચેરમેન અને પદ્મ ભૂષણથી સન્માનિત જાણીતા ઉદ્યોગપતિ શ્રી પંકજભાઈ પટેલ દ્વારા અમદાવાદ ખાતે ૫૦૦ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે 'સરદારધામ યુનિવર્સિટી' સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત માત્ર એક શૈક્ષણિક સંસ્થાની સ્થાપના નથી, પરંતુ આવનારી પેઢીના ઘડતર માટેની એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી પહેલ છે.



શ્રી પંકજભાઈ પટેલના આ દુરંદેશી વિઝન પાછળના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે: ૫૦૦ કરોડના રોકાણ સાથે બનનારી આ યુનિવર્સિટીમાં વિશ્વસ્તરીય સુવિધાઓ અને અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવાશે.

માત્ર ડિગ્રી જ નહીં, પણ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન પણ કરવામાં આવશે.

ગ્રામીણ અને શહેરી વિસ્તારોના તેજસ્વી યુવાનોને વૈશ્વિક તકો સાથે જોડવા માટે આ સંસ્થા એક સેતુ સમાન બનશે.

સમાજલક્ષી કાર્યને ચારેતરફથી અભિનંદન પંકજભાઈ પટેલની આ ઉમદા જાહેરાતને પગલે સમગ્ર ગુજરાત અને ખાસ કરીને શૈક્ષણિક જગતમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. સામાજિક અગ્રણીઓ અને શિક્ષણવિદોએ આ પહેલને વધાવી લેતા જણાવ્યું છે કે:

'શ્રી પંકજભાઈ પટેલનો આ પ્રયાસ અનેક વિદ્યાર્થીઓના ભવિષ્યને નવી દિશા આપશે. સમાજ પ્રત્યેનું આ ઋણ અદા કરવાનું ઉત્તમ ઉદાહરણ છે.'

# સાબરમતી સેન્ટ્રલ જેલની હાઇ સિક્યોરિટી 'બડા ચક્કર'માંથી હત્યા-પોક્સોનો કેદી ફરાર!

■ આજીવન કેદની સજા ભોગવતો માલદે પરમાર જેલ તંત્રને આપી ગયો થાપ, હાઈ સિક્યોરિટી જેલની પોલ ખુલી

અમદાવાદ

રાજ્યની સૌથી સુરક્ષિત અને અભેદ મનાતી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષા વ્યવસ્થા ફરી એકવાર રામભરોસે સાબિત થઈ છે. હત્યા અને પોક્સો (POCSO) જેવા ગંભીર ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી માલદે રામાભાઈ પરમાર જેલના મુખ્ય દરવાજેથી જ ફરાર થઈ જતા જેલ પ્રશાસનમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ઘટનાએ જેલની હાઈ-ટેક સુરક્ષા અને સ્ટાફની સતર્કતા પર મોટા સવાલો ઊભા કર્યા છે.


મળતી વિગતો મુજબ, માલદે પરમાર જેલના સૌથી સુરક્ષિત ગણાતા 'બડા ચક્કર' વિભાગમાં કેદ હતો.

* ગંભીર ગુનેગાર: માલદે પરમાર પર હત્યા અને સગીરા પર અત્યાચાર જેવા ગંભીર આરોપો સાબિત થયેલા છે અને તે આજીવન કેદની સજા કાપી રહ્યો હતો.

* મેન ગેટથી ફરાર: સૌથી આશ્ચર્યની વાત એ છે કે કેદી જેલની દીવાલ કૂદીને નહીં, પણ જેલના મેન ગેટમાંથી જ બહાર નીકળી જવામાં સફળ રહ્યો છે.

* બેદરકારીનો પરાકાષ્ઠા: જે ગેટ પર ૨૪ કલાક સશસ્ત્ર જવાનો અને સીસીટીવીનો પહેરો હોય છે, ત્યાંથી એક આજીવન કેદનો કેદી કેવી રીતે આરામથી નીકળી ગયો તે એક મોટું રહસ્ય અને તપાસનો વિષય છે.

આ ઘટનાની જાણ થતા જ જેલના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.



નાકાબંધી: શહેરભરમાં નાકાબંધી કરીને ફરાર કેદીને પકડવા માટે ચક્રગતિમાન કરવામાં આવ્યા છે.

સીસીટીવી ફૂટેજ: જેલના મેન ગેટ અને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે કે કેદીએ કોઈની મદદ લીધી હતી કે કેમ?

જવાબદારી નક્કી થશે: જેલ મંત્રી અને ઉચ્ચ સ્તરેથી આ મામલે કડક અહેવાલ માંગવામાં આવ્યો છે. ફરજ પર હાજર સુરક્ષાકર્મીઓની બેદરકારી બદલ તેમની સામે પણ કડક કાર્યવાહી થઈ શકે છે.

સાબરમતી જેલ અગાઉ સુરંગ કાંડ અને કેદીઓ પાસે મોબાઈલ મળવાની ઘટનાઓને કારણે વિવાદમાં રહી ચૂકી છે. ત્યારે હવે આજીવન કેદના કેદીનું મેન ગેટથી ભાગી જવું એ સાબિત કરે છે કે જેલની સુરક્ષા વ્યવસ્થામાં ક્યાંક ને ક્યાંક મોટું છીંડું છે.

પોલીસ કમિશનર કચેરીએ

# રાજસ્થાની સમાજનો પ્રચંડ હોબાળો : "ગીતા બહેન કો ન્યાય દો..."ના નારાથી ગુંજી ઉઠ્યું અમદાવાદ..!

અમદાવાદ

અમદાવાદમાં પોલીસ કોન્સ્ટેબલની પત્નીના રહસ્યમય અને શંકાસ્પદ મોતનો મામલો હવે ઉગ્ર રાજકીય અને સામાજિક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આજે મોટી સંખ્યામાં રાજસ્થાની સમાજના લોકો ન્યાયની માંગ સાથે અમદાવાદ પોલીસ કમિશનર કચેરીએ ઉમટી પડ્યા હતા. 'ગીતા બહેન કો ન્યાય દો...' ના ગુંજતા નારા અને આક્રોશ વચ્ચે વાતાવરણ તંગ બની ગયું હતું.



ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલની પત્ની ગીતા બહેનનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું.

મૃતક ગીતા બહેનના પરિવારજનો અને રાજસ્થાની સમાજનો આક્ષેપ છે કે આ માત્ર અકસ્માત કે આત્મહત્યા નથી, પરંતુ તેની પાછળ ગંભીર કાવતરું છે.

પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ વિભાગ પોતાના જ કર્મચારીને બચાવવા માટે તપાસમાં ઢીલ મૂકી રહ્યો છે.

રાજસ્થાનથી આવેલા મોટી સંખ્યામાં લોકો અને અમદાવાદમાં વસતા રાજસ્થાની સમાજના અગ્રણીઓએ કમિશનર કચેરીને ઘેરો ઘાલ્યો હતો: હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને મહિલાઓ અને પુરુષોએ પોલીસ તંત્ર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

પ્રદર્શનકારીઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો ટૂંક સમયમાં જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેઓ ઉગ્ર આંદોલન કરી ધરણા પર બેસશે.

એકસાથે આટલું મોટું ટોળું ઉમટી પડતા કમિશનર કચેરી જાણે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. ઉચ્ચ અધિકારીઓએ પ્રદર્શનકારીઓના પ્રતિનિધિ મંડળ સાથે મુલાકાત કરી હતી અને નિષ્પક્ષ તપાસની ખાતરી આપી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

# પોલીસની ધાક કે મજાક? : રિકન્સ્ટ્રકશનમાં બૂટલેગર કિશોર લંગડાનો પૌત્ર સીધા પગે ચાલ્યો!

અમદાવાદ

શહેરની કોલેજ બહાર તોડફોડ અને નિર્દોષો પર હુમલો કરનાર અસામાજિક તત્વો સામે પોલીસ લાલ આંખ કરે છે તેવા દાવાઓ વચ્ચે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કુખ્યાત બૂટલેગર કિશોર લંગડાના પૌત્રને જ્યારે ગુનાના સ્થળે રિકન્સ્ટ્રકશન માટે લાવવામાં આવ્યો, ત્યારે પોલીસની કહેવાતી ધાક ક્યાંય જોવા મળી ન હતી. આરોપી કોઈ પણ પ્રકારના પસ્તાવા કે ડર વગર 'સીધા પગે' ચાલતો જોવા મળતા સોશિયલ મીડિયામાં પોલીસની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે.



અમદાવાદની જાણીતી કોલેજની બહાર સામાન્ય બોલાચાલીમાં કિશોર લંગડાના પૌત્ર અને તેના સાગરીતોએ આતંક મચાવ્યો હતો.

જાહેરમાં ગુંડાગીરી: લોખંડના પાઈપો અને હથિયારો સાથે ટોળાએ વાહનોમાં તોડફોડ કરી હતી.

લોકોમાં ફફડાટ: કોલેજના વિદ્યાર્થીઓ અને રાહદારીઓ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

ધરપકડ: સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી પોલીસે મુખ્ય આરોપી સહિત અન્ય સાગરીતોની ધરપકડ કરી હતી.

સામાન્ય રીતે પોલીસ રીઢા ગુનેગારોનું રિકન્સ્ટ્રકશન કરાવીને જનતામાં એક મેસેજ આપતી હોય છે કે કાયદો સર્વોપરી છે. પરંતુ અહીં ચિત્ર કંઈક અલગ જ હતું:

1. નિડર ચાલ: પોલીસ જ્યારે કિશોર લંગડાના પૌત્રને ઘટનાસ્થળે લઈ ગઈ, ત્યારે તેની બોડી લેંગ્વેજમાં પોલીસનો સહેજ પણ ભય નહોતો.

2. લોકોમાં ચર્ચા: પ્રત્યક્ષદર્શીઓના મતે, આરોપી જાણે કોઈ હીરોની માફક ચાલી રહ્યો હતો. લોકો ગણગણાટ કરી રહ્યા હતા કે, 'પોલીસની ધાક માત્ર કાગળ પર છે?'

3. વારસાગત આતંક: દાદાના નામે ફાટીને ચીતરેલા પૌત્રને કાયદાનો પાઠ ભણાવવામાં પોલીસ ક્યાંક ઉણી ઉતરી હોય તેમ લાગતું હતું.

જનતાનો રોષ: 'ખોખલી સાબિત થઈ રહી છે પોલીસની પકડ'

કોલેજ કેમ્પસમાં ભણતા વિદ્યાર્થીઓએ 'પાક્કો ગુજરાત' સાથેની વાતચીતમાં જણાવ્યું કે, જો આવા તત્વોને જાહેરમાં કડક સજા (જેમ કે ઉઠબેસ કે માફી મંગાવવી) ન કરવામાં આવે, તો તેમનો ઉત્સાહ વધે છે. પોલીસ દ્વારા માત્ર સ્થળ પર લઈ જઈને પાછા લાવવાની પ્રક્રિયાને લોકો 'પિકનિક' જેવી ગણાવી રહ્યા છે.

હવે જોવાનું એ રહે છે કે, શું ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ ઘટનાની ગંભીરતા સમજીને આ ગુંડા તત્વોને કાયદાનું ભાન કરાવશે કે પછી બૂટલેગરોના વારસદારો આમ જ પોલીસના નાકની નીચે સીધા પગે ચાલતા રહેશે?

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI